દાખલ તારીખ : ૧૩/૧૦/૨૦૨૨
રજી. તારીખ : ૧૩/૧૦/૨૦૨૨
ફેસલ તારીખ : ૨૦/૦૧/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**
**૦૩–૦૩–૦૭**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

## :: FORM-A ::

| :: એફ.આઇ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલિસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ સીટી પો.સ્ટે., વર્ષ : ૨૦૨૨, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં.૧૧૨૧૩૦૧૫૨૧ ૧૫૧૯, તા.૧૩/૧૦/૨૦૨૧. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : સંજયભાઇ દિપકભાઇ પરમાર) |
| **ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી :** | શ્રી જી.કે.ડોબરીયા. |
| **આરોપીઓ :** | **(૧) મધુબેન વા/ઓ જીવરાજભાઇ બાબરીયા**<br>ઉ.વ.૫૬, ધંધો–ઘરકામ,<br>**(૨) શીતલબેન ઉર્ફે નીતાબેન વા/ઓ હર્ષદભાઇ બાબરીયા**<br>ઉ.વ.૨૩, ધંધો–ઘરકામ,<br>**બંને રહે.** દ્વારકેશ નગર, ચીતલ રોડ, અમરેલી.<br>(હાલ– ભગવતપરા, વી.કે.નગર, ગોંડલ.)<br>**(૩) રવિભાઇ હરેશભાઇ બાબરીયા (એબેટ)**<br>ઉ.વ.૨૬, ધંધો–ખેતી,<br>રહે. નવાગામ રામપરા, તા.કોટડા સાંગાણી.<br>**(૪) હર્ષદભાઇ જીવરાજભાલ બાબરીયા**<br>ઉ.વ.૨૪, ધંધો–નોકરી,<br>રહે. દ્વારકેશ નગર, શેરી નં.૧, ચીતલ રોડ, અમરેલી.<br>(હાલ– વી.કે.નગર, વાછરા રોડ, ગોંડલ.) |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રી :** | **શ્રી જે.ડી.કોચરા.** |

## :: FORM-B ::

| | |
|---|---|
| DATE OF OFFENCE | AFTER 3 YEARS OF MARRAIGE IN TILL NOW. |
| DATE OF F.I.R. | 13/10/2021, AT 20:30 |
| DATE OF CHARGESHEET | 16/12/2021 |
| DATE OF FRAMING OF | 05/01/2023 |

| | |
|---|---|
| CHARGE | |
| DATE OF COMMENCEMENT OF EVIDENE | 17/10/2024 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 31/12/2025 |
| DATE OF THE JUDGMENT | 20/01/2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY | ------------- |

## ACCUSED DETAILS :-

| RANK OF THE ACCU-SED | NAME OF ACCUSE | DATE OF ARRE-ST | DATE OF RELEA-SED ON BAIL | OFFENCES CHARGED WITH | WHETHER ACQUI-TED OR CONVIC-TED | SENT-ENCE IMPO-SED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | MADHU-BEN W/O JIVRAJ-BHAI BABRIYA | 25/10/2021 | Granted anticpatory bail | I.P.C. SEC.-306, 506(2), 114. | Acquitted | N.A. | N.A. |
| 2 | SHITAL-BEN @ NITABEN W/O HARSHD-BHAI BABRIYA | 25/10/2021 | Granted anticpatory bail | I.P.C. SEC.-306, 506(2), 114. | Acquitted | N.A. | N.A. |
| 3 | RAVIBHAI HARSH-BHAI BABRIYA | 25/10/2021 | Granted anticpatory bail | I.P.C. SEC.-306, 506(2), 114. | Acquitted | N.A. | N.A. |
| 4 | HARSHAD-BHAI JIVRAJ-BHAI BABRIYA | 29/10/2021 | Granted anticpatory bail | I.P.C. SEC.-306, 506(2), 114. | Acquitted | N.A. | N.A. |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :-**

**:: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::**

| અ. નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૮ | સાહેદ નં.૧ (રોહિત અરજણભાઈ રાણવા) | પંચસાહેદ |
| ૨ | ૩૫ | સાહેદ નં.૨ (સંજયભાઈ દિપકભાઈ પરમાર) | ફરીયાદી |
| ૩ | ૩૯ | સાહેદ નં.૩ (શૈલેશભાઈ રવિદાસભાઈ પરમાર) | સાહેદ |
| ૪ | ૪૧ | સાહેદ નં.૪ (સંગીતાબેન સુભાષભાઈ વાઘેલા) | સાહેદ |
| ૫ | ૪૪ | સાહેદ નં.૫ (ડો.મીત પ્રભુદાસભાઈ ઉકાણી) | સાહેદ |
| ૬ | ૪૫ | સાહેદ નં.૬ (દિલીપભાઈ ગોરધનભાઈ બાવળીયા) | પંચસાહેદ |
| ૭ | ૪૮ | સાહેદ નં.૭ (અજયભાઈ જીવરાજભાઈ દાફડા) | પંચસાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ૪૯ | સાહેદ નં.૮ (નિખીલભાઇ દિનેશભાઇ પારઘી) | પંચસાહેદ |
| ૯ | ૫૦ | સાહેદ નં.૯ (શામજીભાઇ વાલજીભાઇ સાકરીયા) | પંચસાહેદ |
| ૧૦ | ૫૪ | સાહેદ નં.૧૦ (પ્રતિક મહેન્દ્રભાઇ ચૌહાણ) | પંચસાહેદ |
| ૧૧ | ૬૫ | સાહેદ નં.૧૧ (વિશાલ ક્રિષ્નકાંત ગોલવેલકર) | ત.ક.અ. |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**:: ફરીયાદપક્ષ તરફે અંકિ પાડેલા દસ્તાવેજી પુરાવા ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ઇન્કવેસ્ટ પંચનામું. | P1/PW1 |
| ૨ | ફરીયાદ. | P2/PW2 |
| ૩ | મુદ્દામાલ આર્ટીકલ નં.એ–૧. | P3/PW2 |
| ૪ | મુદ્દામાલ આર્ટીકલ નં.એ–૩. | P4/PW2 |
| ૫ | મુદ્દામાલ આર્ટીકલ નં.એ–૪. | P5/PW2 |
| ૬ | પી.એમ. નોટ. | P6/PW5 |
| ૭ | એમ.એલ.સી. કાગળો તથા વીસેરા સીલબંધ હાલતમાં | P7/PW5 |
| ૮ | ફાયનલ કોઝ ઓફ ડેથ. | P8/PW5 |
| ૯ | અટક પંચનામું. | P9/PW6 |
| ૧૦ | સ્થાનિક જગ્યાનું પંચનામું. | P10/PW7 |
| ૧૧ | અટક પંચનામું. | P11/PW10 |
| ૧૨ | તપાસનો હુકમ. | P12/PW11 |
| ૧૩ | ગુનો રજીસ્ટર થવાનો પત્ર. | P13/PW11 |
| ૧૪ | મરણોતર ફોર્મ. | P14/PW11 |
| ૧૫ | મુદ્દામાલ રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર. | P15/PW11 OR P17/PW11 |
| ૧૬ | એફ.એસ.એલ.ની પહોંચો. | P16/PW11 OR P18/PW11 |
| ૧૭ | એફ.એસ.એલ. રીપોર્ટ. | P19/PW11 |
| ૧૮ | હેન્ડરાઇટીંગ એકસપર્ટનો ઓપીનીયન. | P20/PW11 |

**બચાવપક્ષે અંકે પડેલા દસ્તાવેજો :**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | **મુ.પા.નં.૨૯૧/૨૦૨૧, તા.૧૨/૧૦/૨૦૨૧** | (૧) મરણજનારે લખેલ સ્યુસાઇડ નોટ ગુલાબી હાંસીચાવાળા લીટીવાળા પાના માં લખેલ છે તે પાના નંગ–ર. |
| ૨ | **મુ.પા.નં.૨૯૪/૨૦૨૧, તા.૧૪/૧૦/૨૦૨૧** | (૧) એક સેલફોસ ખેતીની દવાના ઉપયોગ માટે ઝેડ લખેલ લીલા સફેદ કલરની ટીનની સફેદ ઢાંકણવાળી ડબ્બી એક કાપડની બેગમાં સીલબંધ છે તે. |
| ૩ | **મુ.પા.નં.૨૯૬/૨૦૨૧, તા.૧૮/૧૦/૨૦૨૧** | (૧) એક બ્લુ કલરના પુઠ્ઠાવાળી ચુવા લખેલ કુલ–૩૭ પાનાવાળી નાની બુક એક કવરમાં સીલબંધ છે તે. |
| ૪ | **મુ.પા.નં.૩૦૮/૨૦૨૧, તા.૨૯/૧૦/૨૦૨૧** | (૧) એક મુથુટ ફીનકોટનું કલેચ કાર્ડ બ્રાન્ચ ફોર્મે એક કવરમાં સીલબંધ છે તે. |

---

**ગોંડલના મ્હે. અધિક સત્ર ન્યાયાધીશ સમક્ષ, મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**મુસ્તાક અહેમદ ભટ્ટી**
અધિક સત્ર ન્યાયાધીશ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તારીખ : ૨૦/૦૧/૨૦૨૬)**

**સેશન્સ કેસ નં.૫૮/૨૦૨૨**
**આંક :– ૭૬**

**શ્રી સ ર કા ર** **....ફરીયાદપક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**(૧) મધુબેન વા/ઓ જીવરાજભાઈ બાબરીયા**
ઉ.વ.૫૬, ધંધો–ઘરકામ,
**(૨) શીતલબેન ઉર્ફે નીતાબેન વા/ઓ હર્ષદભાઈ બાબરીયા**
ઉ.વ.૨૩, ધંધો–ઘરકામ,
**બંને રહે.** દ્વારકેશ નગર, ચીતલ રોડ, અમરેલી.
(હાલ– ભગવતપરા, વી.કે.નગર, ગોંડલ.)
**(૩) રવીભાઈ હરેશભાઈ બાબરીયા (એબેટ)**
ઉ.વ.૨૬, ધંધો–ખેતી,
રહે. નવાગામ રામપરા, તા.કોટડા સાંગાણી.
**(૪) હર્ષદભાઈ જીવરાજભાલ બાબરીયા**
ઉ.વ.૨૪, ધંધો–નોકરી,
રહે. દ્વારકેશ નગર, શેરી નં.૧, ચીતલ રોડ, અમરેલી.
(હાલ– વી.કે.નગર, વાછરા રોડ, ગોંડલ.) **....આરોપીઓપક્ષ.**

**:: <u>ચુ કા દો</u> ::**

(૧) આ કામના આરોપીઓ સેશન્સ કેસ નં.૫૮/૨૦૨૨ ની ટ્રાયલ નો સામનો કરી રહ્યા છે. હાલના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હા સબબ તા.૦૫/૦૧/૨૦૨૩ ના રોજ અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા **આંક–૦૯** થી તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવતા તેઓનું **આંક–૧૦** થી **આંક –૧૩** મુજબ નિવેદન લેવામાં આવેલ. જેમાં તેઓએ તહોમતનામા મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી હાલના આરોપીઓ

સામે તહોમતનામા મુજબ ઇ.પી.કો. કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ના ગુન્હા સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

## (૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–

**/એ/** આ કામના ફરીયાદી સંજયભાઇ દિપકભાઇ પરમારના ભાઇ પારસભાઇ (મરણજનાર) નું લગ્ન જલ્પાબેન સાથે થયા બાદ ત્રણ વર્ષ બાદ ના લગ્નજીવન દરમ્યાન જલ્પાબેનને પારસભાઇ સાથે રહેવુ હોય તેમ છતાં આ કામના આરોપીઓએ પારસભાઇના ઘરે આવી, જલ્પાબેનને ચડમણી કરી લઇ જઇ, જલ્પાબેન પાછા આવતા ફરી જલ્પાબેનને તેડી જતા પારસભાઇએ ફોન કરી, આ કામના આરોપીઓને જલ્પાબેનને પાછી તેડી લાવવાનું કહેતા, આ કામના આરોપીઓએ એકસંપ થઇ, ગુનામાં એકબીજાની મદદગારી કરી, પારસભાઇ (મરણજનાર) ને ''જો આવીશ તો જાનથી મારી નાખીશું.'' તેવી અવારનવાર ધમકી આપતા, માનસીક ત્રાસ આપતા હોય અને મરવા માટે મજબુર કરતા હોય, આ કામના આરોપીઓના અસહ્ય ત્રાસથી કંટાળી જઇ, મરણજનારે ગઇ તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ કલાક ૨૦:૩૦ વાગ્યે મોજે ભગવતપરા, વી.કે.નગર ખાતે પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાત કરતા મરણ ગયેલ હોય, જેની ફરીયાદ ફરીયાદીએ ઉપરોકત હકીકતે બનેલ બનાવ ની ફરીયાદ તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ રાજકોટ રૂરલ ગોંડલ સીટી પોલિસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરેલ.

**/બી/** ફરીયાદીએ ઉપરોકત હકીકતે બનેલ બનાવની ફરીયાદ તા. ૧૩/૧૦/૨૦૨૧ ના રોજ રાજકોટ રૂરલ ગોંડલ સીટી પોલિસ સ્ટેશનના પી. એસ.ઓ. રૂબરૂ ફરીયાદ જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ, ગુન્હો રાજકોટ રૂરલ ગોંડલ સીટી પોલિસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૨૧૩૦૧૫૨૧૧૫૧૯ થી ઇ.પી.કો. કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબની તપાસ હાથ ધરવામાં આવેલ અને આરોપીઓ સામે પુરતો પુરાવો હોવાનું તપાસનીશ અધિકારીને જણાતા, હાલનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે કરેલ હતુ. તપાસ દરમયાન તેઓએ સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ તેમજ ઝેરી દવા મરણજનારે પીધેલ હતી તે ડબ્બી કબ્જે કરેલ. ત્યારબાદ ગુજરનારના કુદરતી અક્ષરોની નોટબુક કબ્જે કરેલ અને ગુજરનારની પી.એમ. નોટ તપાસ અર્થે મેળવેલ તેમજ ગુજરનારની સુસાઇડ

નોટ તથા કબ્જે કરેલ કુદરતી અક્ષરો એફ.એસ.એલ.માં મોકલેલ તેમજ અન્ય મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તેમજ સાહેદોના નિવેદનો લીધેલા તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા ચાર્જશીટ રજુ કરેલ.

## (૩) <u>કમીટલ પ્રોસીડીંગ્સ :–</u>

આ કામના આરોપીઓ વિરૂદ્ધ ગોંડલના એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૩૯૪૩/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ વિદ્ધાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓને તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી, આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સત્ર અદાલતને હોય, આરોપીઓ પોતાના સ્વખર્ચે વકીલ રોકી પોતાનો કાનુની બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, વિદ્ધાન મેજીસ્ટ્રેટશ્રીએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ.

## (૪) <u>તહોમતનામું અને આરોપીની પ્લી :–</u>

સદર કેસ સેશન્સ કેસ નં.૫૮/૨૦૨૨ થી રજીસ્ટરે લઈ, આરોપીઓને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી, તા.૦૫/૦૧/૨૦૨૩ ના રોજ બન્ને પક્ષની રજુઆત ધ્યાને લઈ આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૯** થી તહોમતનામું ફરમાવતા, આરોપીઓએ તેમના **આંક–૧૦** થી **આંક–૧૩** મુજબના નિવેદનથી ગુનો કર્યાનો ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાની માંગણી કરતા તેમજ સરકારી વકીલની માંગણી કરેલ.

## (૫) <u>આરોપીઓનું વિશેષ નિવેદન :–</u>

કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત FORM-C માં દર્શાવવામાં આવેલ તમામ પુરાવાઓ રેકર્ડે નોંધવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૬૬** ની પુરશીશ રજુ કરી, ફરીયાદપક્ષ તરફેના પુરાવાઓ પુરા થયાનું જાહેર કરતા, ઈન્સાફી કાર્યવાહીના અંતે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાઓની હકીકતો નો ઈન્કાર કરતી તથા પુરાવાની હકીકતો બાબતે પોતે કાંઈ જાણતા ન હોવાનું અને ખોટી ફરીયાદ, ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવી,

વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની હકીકતો જણાવેલ છે. વધુમાં, આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવુ વિશેષ નિવેદનમાં જણાવતા અને આરોપીઓ તરફે તેઓ કોઇ પુરાવા રજુ કરવામાં ન આવતા, અંતમાં સદરહું કેસના ન્યાયીક નિર્ણય સારું બંને પક્ષે વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ.

(૬) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા ફરીયાદપક્ષે સરકારશ્રી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા નાઓને તથા બચાવપક્ષે આરોપીઓ તરફે વિ.વ.શ્રી જે.ડી.કોચરા નાઓની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા નાઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે.

- વધુમાં, દલીલ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે.
- વધુમાં, દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદીએ તેમના પુરાવામાં ફરીયાદ હકીકત પુરવાર કરેલ છે. તેમજ આરોપીઓને ઓળખી બતાવેલ છે. તેમજ એફ.એસ.એલ. રીપોર્ટ અને પી.એમ. નોટ ધ્યાને લેતા, આ કામના આરોપીઓએ મરણજનારને માનસીક ત્રાસ આપેલા નું પુરવાર થાય છે અને આવા ત્રાસને કારણે મરણજનાર પાસે કોઇ વિકલ્પ ન રહેતા તેણે ઝેરી દવા પી લઇ, આત્મહત્યા કરેલાનું નિ:શંકપણે પુરવાર થયેલ છે.
- વધુમાં, વિ.એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે, મરણજનારની લાશનું પી.એમ. કરનાર ડોકટરનો મૌખિક પુરાવો તથા તેઓએ રજુ કરેલ પી.એમ. નોટ અને ફાઇનલ કોઝ ઓફ ડેથનું સર્ટીફીકેટ ધ્યાને લેતા, મરણજનારે એલ્યુમીનીયમ ફોસ્ફાઇટ નામની ઝેર દવા પીવાથી તેમનું મૃત્યુ થયેલાનું પુરવાર થાય છે.
- વધુમાં, દલીલ કરેલ છે કે, સદર કામના તપાસ કરનાર અમલદારશ્રી ની જુબાનીથી તેઓને તપાસ મળતા તેઓએ સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ તેમજ સાહેદોના નિવેદનો લીધેલ તેમજ ઝેરી દવા મરણજનારે પીધેલ હતી તે ડબ્બી કબ્જે કરેલ. ત્યારબાદ ગુજરનારના

કુદરતી અક્ષરોની નોટબુક કબ્જે કરેલ અને ગુજરનારની પી.એમ. નોટ તપાસ અર્થે મેળવેલ તેમજ ગુજરનારની સુસાઇડ નોટ તથા કબ્જે કરેલ કુદરતી અક્ષરો એફ.એસ.એલ.માં મોકલેલ તેમજ અન્ય મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ. જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવી સખત નસીહત કરવા રજુઆત કરેલ છે.

- વધુમાં રજુઆત છે કે આરોપીઓ સામેનો કેસ ફરીયાદીની જુબાની તેમજ ફરીયાદપક્ષે રજુ કરેલ સ્યુસાઇડ નોટ થી શંકારહીત પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તમામ સાહેદોનો મૌખિક પુરાવો તથા ફરીયાદ અને અન્ય દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતા, આરોપીઓએ મરણજનારને તેના લગ્નજીવનના સમય દરમ્યાન માનસીક ત્રાસ આપેલ હોવાથી અન્ય કોઇ વિકલ્પ ન રહેતા, મરણ જનારે ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરેલ હોય અને તે રીતે આરોપીઓએ જ મરણજનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે. જેથી આરોપીઓને તેઓની વિરૂદ્ધના ગુનાના કામે તકસીરવાન ઠરાવી, કાયદામાં નિયત કરેલ વધુમાં વધુ સજા કરવી જોઇએ કે જેથી સમાજમાં દાખલો બેસે અને આવા બનાવો બનતા અટકે અને સમાજના નિર્દોષ વ્યકિતઓ આવા વર્તનનો ભોગ ન બને, તે હેતુ આરોપીઓને વધુમાં વધુ સજા કરવી જોઇએ તેવી રજુઆત કરેલ છે.

(૮) જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી જે.ડી.કોચરા નાઓની મુખ્યત્વે દલીલ છે કે, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

- વધુમાં, દલીલ છે કે, ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીઓમાં મહત્વના વિરોધાભાસ જણાય છે અને સ્યુસાઇડ નોટ જોતા તેમા કરેલ આક્ષેપો પાયાવિહોણા હોવાનું જણાય છે અને સ્યુસાઇડ નોટથી વિપરીત આક્ષેપો ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ હોય તેમજ સ્યુસાઇડ નોટ કાયદેસર રીતે પુરવાર કરવામાં આવેલ ન હોય તે તમામ સંજોગો ધ્યાને લઇ આરોપીઓને છોડી મુકવા હુકમ કરવા રજુઆત કરેલ છે.

- વધુમાં, દલીલ છે કે મરણજનારના પત્ની સદર કામે સૌથી અગત્યના સાહેદ હોવા છતા તપાસ કરનાર અમલદારે તેમનું નિવેદન પણ લીધેલ નથી અને સદર કામે તેઓને તપાસવામાં આવેલ નથી, જેથી મરણજનાર પોતાના આપઘાત માટે આરોપીઓ તેના પત્નીને મોકલતા નથી તેવો કેસ હોય ત્યારે મરણજનારના પત્ની કેમ પરત જતા ન હતા તે બાબત રેકર્ડ પણ લાવવા મરણજનારના પત્નીને તપાસવાની જરૂર હતી, પરંતુ મરણજનાર તથા તેમના કુટુંબીજનોના ત્રાસના કારણે મરણજનારના પત્ની સાસરે જતા ન હોય અને તે બાબત રેકર્ડ ઉપર ન આવે તે હેતુથી મરણજનારના પત્નીને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષનો કેસ શંકા રહીત પુરવાર થયેલ ગણી શકાય નહી જેથી આ કામના આરોપી–ઓએ તહોમતનામા મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૯) ઉપરોકત હકીકતે કેસના અંતિમ નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.:

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણજનારનું મૃત્યુ હોમીસાઇલ ડેથ છે ?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી સંજયભાઇ દિપકભાઇ પરમારના ભાઇ પારસભાઇ (મરણ જનાર) નું લગ્ન જલ્પાબેન સાથે થયા બાદ ત્રણ વર્ષ બાદના લગ્ન જીવન દરમ્યાન જલ્પાબેનને પારસભાઇ સાથે રહેવુ હોય તેમ છતાં આ કામના આરોપીઓએ પારસભાઇના ઘરે આવી, જલ્પાબેનને ચડામણી કરી લઇ જઇ, જલ્પાબેન પાછા આવતા ફરી જલ્પાબેનને તેડી જતા પારસભાઇએ ફોન કરી, આ કામના આરોપીઓને જલ્પાબેનને પાછી તેડી લાવવાનું કહેતા, આ કામના આરોપીઓએ એકસંપ થઇ, ગુનામાં એકબીજાની મદદગારી કરી, પારસભાઇ (મરણજનાર) ને ''જો આવીશ તો જાનથી મારી નાખીશું.'' તેવી અવારનવાર ધમકી આપતા, માનસીક ત્રાસ આપતા હોય અને મરવા માટે મજબુર કરતા હોય, આ કામના આરોપીઓના અસહ્ય

ત્રાસથી કંટાળી જઇ, મરણજનારે ગઇ તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ કલાક ૨૦:૩૦ વાગ્યે મોજે ભગવતપરા, વી.કે.નગર ખાતે પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાત કરતા મરણ ગયેલ હોય, આ કામના આરોપીઓએ ઇ.પી.કો. કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૩) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો, કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.:

(૧) ..કારમાં.
(૨) ..કારમાં.
(૩) આખરી હુકમ મુજબ.

**:: <u>કા ર ણો</u> ::**

**(૧૧)** આ મુદ્દાના સંદર્ભમાં કારણોની ચર્ચા કરતા પહેલા ફરીયાદપક્ષ નો કેસ જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ અનુસાર આ કામના ફરીયાદી સંજયભાઇ દિપકભાઇ પરમારના ભાઇ પારસભાઇ (મરણજનાર) નું લગ્ન જલ્પાબેન સાથે થયા બાદ ત્રણ વર્ષ બાદના લગ્ન જીવન દરમ્યાન જલ્પાબેન ને પારસભાઇ સાથે રહેવુ હોય તેમ છતાં આ કામના આરોપીઓએ પારસભાઇ ના ઘરે આવી જલ્પાબેનને ચડામણી કરી લઇ જઇ, જલ્પાબેન પાછા આવતા ફરી જલ્પાબેનને તેડી જતા પારસભાઇએ ફોન કરી, આ કામના આરોપીઓને જલ્પાબેનને પાછી તેડી લાવવાનું કહેતા, આ કામના આરોપીઓએ એકસંપ થઇ, ગુનામાં એકબીજાની મદદગારી કરી, પારસભાઇ (મરણજનાર) ને "જો આવીશ તો જાનથી મારી નાખીશું.'' તેવી અવારનવાર ધમકી આપતા, માનસીક ત્રાસ આપતા હોય અને મરવા માટે મજબુર કરતા હોય, આ કામના આરોપીઓના અસહ્ય ત્રાસથી કંટાળી જઇ, મરણજનારે ગઇ તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ કલાક ૨૦:૩૦ વાગ્યે મોજે ભગવતપરા, વી.કે.નગર ખાતે પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાત કરેલ છે. આમ, આ કામના આરોપીઓએ મરણજનારને આપઘાત કરવા દુષ્પ્રેરણ કરી, માનસીક ત્રાસ આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનામાં એકબીજાની મદદગારી કરી, આ કામ

ના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે અને તે ગુના સબબ આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત હકીકતે **આંક–૦૯** થી તહોમત ફરમાવવામાં આવેલ.

**(૧૨) <u>મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષનો કેસ જોતા, ફરીયાદપક્ષે એ હકીકત પુરાવાર કરવાની રહે છે કે મરણજનારનું મૃત્ય મનુષ્યવધ એટલે કે અકુદરતી હતુ અને મરણજનારે ઝેરી દવા પી જઇ આપઘાત કરેલ છે. સદર બાબતે ફરીયાદી તથા મરણજનારના બહેન અને મેડીકલ ઓફીસરનો પુરાવો સૌથી અગત્યનો છે.

**(૧૨.૧)** મરણજનારની લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર ડો.મીત પ્રભુદાસભાઇ ઉકાણી નાઓને આંક-૪૪ (PW-05) નો પુરાવો તથા તેઓએ રજુ કરેલ પી.એમ. નોટ ધ્યાને લેતા, તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ તેઓ રાત્રે ગોંડલ સરકારી હોસ્પીટલમાં ફરજ ઉપર હતા ત્યારે ગુજરનાર પરેશ દીપકભાઇને લાસ પી.એમ. કરવા માટે પોલીસ યાદી સાથે તેઓની પાસે રાત્રે ૧૧:૪૫ વાગ્યે લાવેલ હતા. તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ ૧૨:૦૫ વાગ્યે તેઓએ તેનું પી.એમ. શરૂ કરેલ અને ૦૧:૩૫ વાગ્યે પી.એમ. પુરૂ કરેલ, સબનું બાહ્ય પરીક્ષણ કરતા તે પુરુષની લાશ હતી. તેની ઉંમર ૨૮ વર્ષ હતી, તેણે મરૂન કલરનો આખી બાયનો શર્ટ પહેરેલ હતો અને કાળા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતુ અને સફેદ કલરનું ડાયપર પણ પહેરેલ હતુ, તેના ગળામાં કાળા કલરનો દોરો હતો, તે સાધારણ બાંધો હતો અને શરીર ઠંડુ પડી ગયેલ હતુ, તેમજ શરીર અકડાવાની પ્રક્રીયા શરૂ થઇ ગયેલ હતી. પી.એમ. લીવીડીટી જોવા મળેલી હતી, જે ડીપેન્ડેન્ટ પાર્ટમાં હતી અને પ્રેસર એરીયા ઉપર ન હતી, તેમજ તેના વાળ કાળા કલરના હતી, બન્ને આંખો બંધ હતી, આંખની કીકીઓ પહોળી થયેલ હતી, મોઢુ બંધ હતુ અને જીભ મોઢાની અંદર હતી તેના શરીર ઉપર કોઇ ઈજા જોવા મળેલ ન હતી. તેમજ શબનું આંતરીક પરીક્ષણ કરેલુ, માથામાં કોઇ ઈજા જોવા મળેલ ન હતી.

સદર સાહેદ જણાવે છે કે હોજરી તથા અંદરની વસ્તુ જોતા હોજરી (જઠર)માં ૫૦ એમ.એલ.નું કાળા કલરનું પ્રવાહી હતુ અને ગેસ પણ પ્રેસેન્ટ

હતો અને તેમાંથી વાસ આવતી હતી. નાના આંતરડામાં અર્ધ પચેલ ખોરાક પ્રવાહી સ્વરૂપમાં હતો. મોટા આંતરડામાં મળ હતુ અને ગેસ જોવા મળેલો.

સદર સાહેદ વધુમાં જણાવે છે કે શરીર ઉપરથી વીસેરાના નમુના લીધેલા. જેમાં, (બોટલ–એ) માં જઠર અને તેના અંદરના પદાર્થો અને આંતરરડુ અને તેના અંદરના પદાર્થો લીધેલા હતા. (બોટલ–બી) માં લીવલ, ફેફસા, બરોડ અને કીડનીના ટુકડા ઓ લીધેલા હતા. વધુમાં, આ બધા વીસેરા સેચ્યુરેટેડ સોલ્યુશન ઓફ કોમન સોલ્ટમાં પ્રીઝવ કરેલ હતા. જે પોલીસને સોંપેલ હતા.

સદર સાહેદ જણાવે છે કે **તેઓના અભિપ્રાય પ્રમાણે ગુજરનારના મૃત્યુનું કારણ ઝેરી દવા પી જવાથી હદય અને ફેફસા બંધ થઇ જવાથી થયેલુ હતુ, પણ આ ઝેરના હાજરી શોધવા માટે એફ.એસ.એલ.ને વીસેરા મોકલેલ હતા.** વધુમાં, આંક–P8/PW5 થી રજુ ફાયનલ કોઝ ઓફ ડેથ છે જેમાં એવો અભીપ્રાય થાય છે કે, ગુજરનારે એલ્યુમીનીયમ ફોસફાઇટ નામના ઝેર પીવાથી તેમનું મૃત્યુ થયેલ છે. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. બચાવ પક્ષે ઉલટતપાસમાં સદર સાહેદના અભિપ્રાયને પડકારેલ નથી.

**(૧૨.૨)** ફરીયાદપક્ષ તરફે ઇન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ રોહિત અરજણભાઇ રાણવા નાઓને આંક–૧૮ (PW-01) થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, ૨૦૨૧ ની સાલમાં તેઓ સરકારી હોસ્પીટલે ગયેલા હતા અને તેઓએ એક લાશ જોયેલ હતી. જે લાશ તેઓના મિત્ર સંજય પરમાર ના ભાઇની હતી. ગુજરનારે પોતાની મેળે દવા પી લીધેલી એવી વાત તેઓએ જાણેલી. ગુજરનારના ખીચામાંથી એક ચીઠ્ઠી નીકળેલ હતી તેવુ તેઓએ જાણેલુ, તેઓએ ચીઠ્ઠી જોયેલ નથી. તેમજ ઇન્કવેસ્ટ પંચનામું તેઓની હાજરીમાં થયેલ હતુ. તેમજ આંક–P1/PW1 થી રજુ પંચનામું બતાવવામાં આવેલ હોય, જેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે.

વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, પોલિસે તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. તેમજ એ વાત ખરી છે કે, તેઓએ સહી કરેલી ત્યારે અન્ય કોઇ વ્યકિતએ સહી કરેલી ન હતી.

ફરીયાદપક્ષ તરફે ઈન્કવેસ્ટ પંચનામાના બીજા પંચસાહેદ નિખીલભાઇ દિનેશભાઇ પારઘીનાઓને આંક-૪૯ (PW-08) થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવા મુજબ, પોલીસે તેઓને પંચમાં બોલાવેલ હતા તથા તેઓની સાથે બીજા પંચ રોહિતભાઈ હતા. ગુજરનાર પારસનું સરકારી હોસ્પીટલમાં ઈન્કવેસ્ટ પંચનામું તેઓની હાજરીમાં થયેલ હતુ અને ગુજરનાર પારસે ઝેરી દવા પીધેલ હતી અને આંક–P1 પ્રમાણે તેના ખિસ્સામાંથી સ્યુસાઈડ નોટ મળેલ હતી. તેમજ આંક–P1 માં તેઓની સહિ ઓળખી બતાવે છે. વધુમાં,આંક–P1/PW1 વાળું પંચનામું વાંચી, સંભળાવતા જણાવેલ છે કે, તેમાં લખેલ વિગતો સાચી છે.

વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, પંચમાં તેઓને બોલાવા માટે આવેલ હોય તેવુ બનેલ નથી. તેમજ સાહેદ જણાવે છે કે, તેઓ સરકારી હોસ્પીટલે હાજર હતા. તેઓ સ્વીકારે છે કે, પોલીસે પી.એમ. રૂમમાં લખીને બહાર આવી તેઓને સહિ કરવાનું કહેતા તેઓએ સહિ કરેલી. એ વાત ખરી છે કે, તેઓ લખાવતા હોય અને પોલીસ લખતી ગયેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૨.૩)** સદર કામે મરણ જનાર પારસભાઈનું અવસાન આપઘાત કરવાના કારણે થયેલ હોવા બાબતે બચાવપક્ષે કોઈ ખાસ તકરાર નથી. સાહેદ નં.પ થી તપાસવામાં આવેલ ડોકટરની કોર્ટ રૂબરૂની જુબાની ધ્યાને લેતા, મરણ જનારનું મૃત્યુ ઝેરી દવા પી લેવાથી હ્દય અને ફેફસા બંધ થઇ જવાથી થયેલ હતુ. સદર સાહેદે આંક–P6/PW5 થી પોસ્ટમોર્ટમ રીપોર્ટ રજુ કરેલ છે. તેમજ આંક–P8/PW5 થી ફાઇનલ કોઝ ઓફ ડેથ રીપોર્ટ રજુ કરેલ છે અને અભિપ્રાય આપેલ છે કે, ગુજરનારે એલ્યુમીનીયમ ફોસફાઇટ નામના ઝેર પીવાથી તેમનું મૃત્યુ થયેલ છે. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસમાં મરણજનારનું મૃત્યુ ઝેર પીવાના કારણે થયેલ હોવા બાબતને પડકારેલ નથી.

**(૧૨.૪)** સદર કામે ઈન્કવેસ્ટ પંચનામું આંક–P1/PW1 થી રજુ થયેલ છે. જે પંચનામાના પંચસાહેદ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ગુજરનારે પોતાની મેળે દવા પી લીધેલ તેવી વાત તેમણે જાણેલી અને તેમને સરકારી હોસ્પીટલમાં એક લાશ જોયેલ હતી, જે ફરીયાદી સંજયભાઇ પરમારના

ભાઈની હતી. સદર પંચનામાના બીજા પંચને સાહેદ નં.૦૮ થી તપાસવામાં આવેલ છે અને તેઓ પણ જણાવેલ છે કે, ગુજરનાર પારસનું ઈન્કવેસ્ટ પંચનામું સરકારી હોસ્પીટલમાં તેમની હાજરીમાં થયેલ હતુ. સદર પંચનામાની વિગતે ઉપરોકત બંને પંચસાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની પુરવાર થાય છે અને પંચનામામાં મરણજનારના પેન્ટના ખીસ્સામાંથી એક સુસાઈડ નોટ મળી આવેલ હોવાનો પણ ઉલ્લેખ છે.

**(૧૨.૫)** મરણજનારનું પોસ્ટમોર્ટમ કરનાર ડોકટરશ્રીની જુબાની જોતા, તેમણે પોસ્ટમોર્ટમ દરમ્યાન મરણજનારના વિસેરાના નમુના લીધેલ હતા અને ત્યારબાદ તેનું એફ.એસ.એલ. પરીક્ષણ પણ કરાવેલ હતુ અને ત્યારબાદ તેમણે ફાઈનલ કોઝ ઓફ ડેથ બાબતે અભિપ્રાય આપેલ છે જે મુજબ, મરણજનાર એલ્યુમીનીયમ ફોસફાઈટ નામનું ઝેર પીવાથી તેમનું મૃત્યુ થયેલ છે. વધુમાં, મરણજનારનું મૃત્યુ અકુદરતી હોવા બાબતે સાહેદ નં.૨ થી તપાસવામાં આવેલ ફરીયાદી, સાહેદ નં.૩ થી તપાસવામાં આવેલ ગુજરનારના પાડોશી અને સાહેદ નં.૪ થી તપાસવામાં આવેલ મરણજનારના બહેનની જુબાનીથી પણ મરણજનારે ઝેરી દવા પી આપઘાત કરેલાનું ફલીત થાય છે.

**(૧૨.૬)** સદર બાબતે ફરીયાદીની જુબાની જોતા તેઓ પણ જણાવે છે કે મરણજનાર પારસે દવા પી લીધેલ હોવાનો મેસેજ કરેલ અને તેઓ મરણજનારને સારવાર માટે દવાખાને લઈ જતા હતા ત્યારે પણ મરણજનારે જણાવેલ કે તેણે દવા પી લીધેલ છે. મરણજનારે ઝેરી દવા પી લઈ આપઘાત કરેલ હોવા બાબતે બચાવપક્ષે પણ કોઈ ખાસ તકરાર લેવામાં આવેલ નથી. વધુમાં સદર બાબતે મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામાની વિગતો તેમજ સાહેદન નં. ૪ થી તપાસવામાં આવેલ મરણજનારની બહેનની જુબાની જોતા પણ મરણજનારે ઝેરી દવા પી જવાના કારણે તેનું અવસાર થયેલ હોવાનું ફલીત થાય છે. આમ, ફરીયાદપક્ષ દ્વારા મરણજનારે ઝેરી દવા પી આપઘાત કરેલા ની હકીકત શંકા રહિત પુરવાર કરેલ છે.

આમ, આ ઉપરોકત ચર્ચા અને સમગ્ર પુરાવો જોતા, મરણજનારનું મૃત્યુ ઝેરી દવા પી લીધેલ હોવાનું પુરવાર થાય છે. જેથી ઉપરોકત ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો નિર્ણય તે રીતે **હકારમાં** ઠરાવુ છું.

**<u>મુદ્દા નં.ર ની ચર્ચા :–</u>**

ઉપરોકત ચર્ચા મુજબ મરણજનારે ઝેરી દવા પી જઇ આપઘાત કરેલ હોવાની બાબત ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોય અને તેથી આ આપઘાત કરવા માટે શું હાલના આરોપીઓએ મરણજનારની દુષ્પ્રેરણા કરેલ હતી તે બાબત પુરવાર કરવાની રહે છે. સદર બાબતે વધુ ફરીયાદપક્ષના સાહેદો તથા રજુ કરવામાં આવેલ સ્યુસાઇડ નોટની વિગતો ધ્યાને લેવી આવશ્યક છે.

(૧૩) ફરીયાદપક્ષે <u>મરણજનારના ભાઇ ફરીયાદી</u> સંજયભાઇ દિપકભાઇ પરમાર નાઓને આંક-૩૫ (PW-02) થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, આ કામના ગુજરનાર પારસભાઇ તેઓના મોટાભાઇ થાય છે તેમજ પારસભાઇના લગ્ન જલ્પાબેન સાથે થયેલ હતા અને બંનેના લગ્ન જીવન દરમ્યાન એક બાળકનો જન્મ થયેલ હતો. આ કામના આરોપી મધુબેન તેઓના મોટાભાઇના સાસુ થાય છે. આ કામના આરોપી શીતલબેન તેઓના ભાઇ પારસના સાળાની વહુ થાય છે. તેમજ આ કામના આરોપી રવી અને હર્ષદ તેઓના ભાઇ પારસના સાળા થાય છે. તેઓ વધુમાં, જણાવે છે કે, તા.૧૨/૧૦/૨૦૨૧ ના બપોરે ૦૨:૦૦ વાગ્યા પહેલા તેઓના મમ્મીનો ફોન આવેલ અને ત્યારબાદ તેઓના પાડોશી શૈલેષભાઇનો ફોન આવેલ અને શૈલેષભાઇએ કહેલ કે, *"તારા ભાઇ પારસે ઝેરી દવા પીધેલ છે, તું સરકારી દવાખાને આવ."* જેથી તેઓ સરકારી દવાખાને ગયેલ અને વધુ સારવાર માટે સુખવાલા સાહેબ ની હોસ્પીટલે લઇ ગયેલ અને રીક્ષામાં પારસે તેઓને તથા તેઓની મોટી બહેન કાજલબેનને વાત કરેલ કે, *"મને મારા સાળા હર્ષદનો ફોન આવેલ કે, તારી પત્નીને મોકલી દે એટલે કે જલ્પાને મોકલી દે."* તેવી વાત તેઓને પારસે કહેલ હતી અને જલ્પાના ભાઇએ હર્ષદે એવુ કીધુ કે, *"જલ્પાને નહીં મોકલુ."* ફોન કરીને હર્ષદે અને રવીએ ધમકાવેલ. તેમજ હર્ષદે એવુ કહેલ કે, *"હું મારી બહેન જલ્પાને તારી સાથે નહીં મોકલુ, તારે દવા પીવી હોય તો પી લે."* જેથી તેઓના ભાઇએ દવા

પી લીધેલ. જેથી પારસે તેઓને દવા પીધેલાનો મેસેજ કરેલ અને વોટ્સઅપમાં સુસાઇટ નોટ મોકલેલ હતી. તેમજ તેઓએ તેમના ભાઇની સુસાઇટ નોટ વાંચેલ હતી અને તેમાં આરોપી મધુબેન, શીતલબેન, રવી તથા હર્ષદનું નામ હતુ. આ ચારેયના ત્રાસના કારણે તેઓના ભાઇએ ઝેરી દવા પીધેલ. જેથી તેઓએ ચારેય સામે પોલીસમાં ફરીયાદ આપેલ હતી અને આ ચારેય આરોપીઓના કારણે તેઓના ભાઇ આપઘાત કરેલ તેવુ તેઓએ ફરીયાદમાં જણાવેલ. વધુમાં, તેઓને આંક-P2/ PW2 વાળી ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં, તેઓએ આરોપીઓને ઓળખી બતાવેલ છે. તેમજ તેઓ જણાવે છે કે ગુજરનાર તેઓના ભાઇની ઉંમર ૨૫ વર્ષની હતી. તે ધોરણ–૧૨ સુધી ભણેલ હતો, તેને લખતા વાંચતા આવડતુ હતુ અને ગુજરનારના અક્ષરો તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે તેમ જણાવેલ. જેથી તેઓને આંક–P3/PW2 થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં.એ–૧ બતાવવામાં આવેલ તે જોઇને જણાવે છે કે, આ સુસાઇટ નોટ છે જે તેઓના ભાઈ પારસભાઇએ લખેલ હતી તે છે. તેમજ આ સુસાઇટ નોટ તેઓને તેમના પાડોશી શૈલેષભાઇ એ આપેલી અને તેઓએ પોલીસમાં રજુ કરેલી. તેમજ તેઓના ભાઇના લખાણવારી એક નોટબુક પણ તેઓએ પોલીસમાં રજુ કરેલ હતી. વધુમાં, તેઓને આંક–P4/ PW2 થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં.એ–૩ વાળી નોટબુક બતાવવામાં આવેલ જે નોટબુકમાંના હસ્તાક્ષર તેઓના ગુજરનાર ભાઇ પારસ ના છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ સાહેદ મુદ્દામાલ નં.એ–૩ તથા એ–૪ ના હસ્તાક્ષર તેઓના મરણ જનાર ભાઇના હોવાનું ઓળખી બતાવતા હોય તેમજ તેઓને આંક–P5/PW2 થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં.એ–૪ વાળુ ફોર્મ બતાવવામાં આવેલ, તેમાં જે સહી છે તે તેઓના ભાઇની સહી છે.

– વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, મરણજનારનું લગ્ન બનાવના ૩ વર્ષ અગાઉ થયેલ. મરણજનાર સેન્ટીંગનું કામ કરતા હતા. સદર સાહેદ સ્વીકારે છે કે લગ્ન અગાઉ તેઓના ભાઇ પારસ તથા તેના પત્ની જલ્પા વચ્ચે પ્રેમ સબંધ હતો અને ત્યારબાદ બંને પક્ષના કુટુંબીજનોએ તેમના લગ્ન કરાવી આપેલ. પારસભાઇ માસીક રૂા.૩૦–૪૦ હજાર કમાતા હતા અને જલ્પાબેનના પિતા જીવરાજભાઇ પી.જી.વી.સી.એલ.માં નોકરી કરતા હતા અને જીવરાજભાઇનું અવસાન પારસના લગ્ન થયા તે અગાઉ થઇ ગયેલ હતુ, તેમજ તેઓ તથા

પારસ સંયુકત કુટુંબમાં રહેતા હતા, તેઓ મજુરી કામ કરતા હતા અને તેઓના માતા ઘરકામ કરતા હતા.

સદર સાહેદ સ્વીકારે છે કે, તેઓની આર્થીક પરીસ્થીતી નબળી હતી અને જલ્પાના પિતા ચાલુ નોકરીએ અવસાન પામેલ હતા. તેઓને એ વાતની ખબર નથી કે, જલ્પાના પિતા ચાલુ નોકરી અવસાન થતા તેમના પરીવાજનોને માતબાર રકમ મળેલી. તેમજ જલ્પા અને એક ભાઈ છે તે સીવાય બીજા કોઈ સગા ભાઈ બહેનો નથી.સદર સાહેદ સ્વીકારે છે કે, આરોપી નં.૪ જલ્પાનો સગો ભાઈ છે અને તેના પિતાની અવેજમાં આરોપી નં.૪ ને નોકરી મળેલી. વધુમાં, એ વાતનો ઈન્કાર કરે છે કે, જલ્પાના લગ્ન બાદ આરોપીઓ અમરેલી રહેતા હતા. પરંતુ, સાહેદ જણાવે છે કે, આરોપી નં.૪ નોકરીમાં લાગ્યો તેથી તે અમરેલી અપડાઉન કરતો હતો. તેમજ એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપી નં.૩ રવી કોટડાસાંગાણીના નવાગામે રહેતો હતો અને તેમના ભાઈના સાથે લગ્ન થયા બાદથી લઈ બનાવ બન્યો ત્યાં સુધીમાં જલ્પાબેન બે વાર રીસામણે ગયેલા. વધુમાં, સ્વીકારે છે કે, જલ્પાબેનના નાનાનું અવસાન તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ થયેલુ અને પાણી ઢોળની વિધી તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ રાખેલી. અને તે વાતો ઈન્કાર કરે છે કે, તા.૦૫/૧૦/૨૦૨૧ ના અરસામાં જલ્પાબેન ગુજરનાર સાથે રહેતી હતી. વધુમાં, જણાવે છે કે, પારસે આપઘાત કર્યો તેના આગલા દિવસે જલ્પાબેન તેના પિયર જતા રહેલા. તેમજ જલ્પાબેન કયા કરણસર પિયર જતા રહેલા તેના જવાબમાં જણાવેલ છે કે, "જલ્પાબેનના નાનાની પાણીઢોળ વિધી પુરી થયા બાદ જલ્પાબેનને પરત આવી જવા માટે પારસે જણાવેલુ. પરંતુ, જલ્પાબેનના માતા તથા મામા વગેરે બોલવા લાગેલા." જેથી તેઓના ભાઈએ કહેલ કે, "મોકલો છો કે નથી મોકલતા અને જો નહીં મોકલો તો હું દવા પી જઈશ." તેમ છતાં તે માનેલા નહીં. જેથી તેઓનો ભાઈ પરત આવી ગયેલો.

સદર સાહેદ એ વાતો સ્વીકાર કરે છે કે જલ્પાબેનના નાનાની વિધી પુરી થઈ તે સવારના સમયે મરણજનારે જલ્પાબેનના કુટુંબીજનો સાથે ઝઘડો કરેલો. વધુમાં, સદર ફરીયાદી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુજરનાર ગુસ્સાવાળા સ્વભાવના હતા, તેઓના મોટાભાઈ પારસ દવાખાને પહોંચેલ, ત્યારબાદ તેઓ પહોંચેલા. તેમજ તેઓ દવાખાને પહોંચ્યા ત્યારે તેઓના પાડોશી શૈલેષભાઈ તથા તેઓના મોટાભાઈ

પારસભાઈ ''ગુજરનાર'' તથા તેઓના બહેન કાજલબેન હાજર હતા અને ગુજરનાર ને અડધો કલાક સીવીલ હોસ્પીટલ, ગોંડલમાં રાખેલા, સીવીલ હોસ્પીટલે ગુજરનાર ભાનમાં હતા અને ત્યારબાદ સરકારી દવાખાનેથી સુખવાલા હોસ્પીટલે ગુજરનારને તેઓ તથા તેઓના બહેન કાજલ રીક્ષામાં લઈને ગયેલા.

ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, તે વખતે રીક્ષામાં ગુજરનારે સુસાઈડ નોટ બાબતે તેઓને કોઈ વાત કરેલ નહીં. વધુમાં, જણાવે છે કે, ગુજરનાર પારસભાઈ સુખવાલા હોસ્પીટલમાં ડાઈરેકટ આઈ.સી.યુ.માં દાખલ થયેલા, જેથી કોઈ વાત થયેલ નહી. તેમજ બીજા કોઈ ઘરના સભ્યો સાથે વાત કરેલ નહીં. તેઓ સ્વીકારે છે, અગાઉ પારસે આરોપીઓ સામે કોઈ ફરીયાદ જેવી કે, શારીરીક ત્રાસની કે ધમકાવવાની કરેલ નથી. તેમજ તેઓના ભાઈ ગુજરી જતા તે જ રાત્રે પોલીસમાં તેઓએ ફરીયાદ આપેલ હતી, ફરીયાદ પોલીસ સ્ટેશને આપેલી. ફરીયાદી સ્વીકારે છે કે, સુસાઈડ નોટ શૈલેષભાઈને આપેલ નહી, પરંતુ તેઓ જણાવે છે કે, પારસભાઈની સુસાઈડ નોટ સરકારી હોસ્પીટલમાં શૈલેષભાઈને આપેલ હતી, જે સુસાઈડ નોટ શૈલેષભાઈએ તેમને આપેલ હતી.

**(૧૩.૧)** સદર કામે આંક–P3/PW2 વાળી ગુજરનારની સુસાઈડ નોટ રજુ રાખેલ છે, જેમાં નીચે મુજબ જણાવેલ છે.:'

*"હું પારસ પરમાર આજરોજ તારીખ 12/10/21 ના રોજ દવા પીઈ ને મરવાનું નક્કી કરેલ છે. મારા મરવાનું કારણ અમુક વ્યકિત છે કે જે મને માનસીક ત્રાસ આપે છે. મારી ઘરવાળીને ચળાવે છે આને મુકી દે અમે નથી બેઠા મેં ઘણુય સમજાવ્યુ કે રેવા દયો અમને અમારામાં રેવાદયો અમારા બેયની વચ્ચમાં આવો માં પણ ઈ કોઈને સમજાતુ નથી મારે સંતાન એક દિકરો છે. હું મારી ઘરવારીને બોવ સમજાવી કે હવે તુ આ રેવા દે અને હમજીજા આપણે એક છોકરો છે. કાલ સવારે મોટો થઈ જશે પણ એને ઈકાઈ સમજાતુ નથી. 3/10/21 ના રોજ મેં મારી ઘરવારીને સવારમાં ઉઠવામાં નું કેતા મને એવો જવાબ મળ્યો કે તારી માં ને કે નાસ્તો કરી દઈ પછી મેં જવાબ માં એમ કીધેલુ કે મારી માં ને જ બધુઈ કરવુ તુ તો તુ આયા શુલેવા આવી છો. પછી મેં મારી ઘરવારીને એમ કિધેલુ કે તારા મમ્મી આયા છે ને તો બોલાવ એને એક વાતનું સમાધાન થાય પણ એના મમ્મી આવતા સમાધાન ના બદલે એને છોકરી ને સપોટ કરીને હાલ તું આયથી હાલ તું આયથી એમ કઈને લઈ ગ્યા મારા કેવાથી અને મારા પરીવારના કેવાથી બધુઈ શાંત થઈ ગયેલ પણ એના મમ્મી એકની એક વાત લઈને બેઠા હાલ તું આયથી અને છેલ્લે સુધી બસ આ એક જ વાત લઈને બેઠા અને લઈ ગ્યા ત્યારે એને નિરાત થઈ મે એના મમ્મીને સમજાવા માટે બોલાવ્યા તા કે આના કાઈક સમજાવો હવે કાઈક ઘરની જવાબદારી લઈ સમાધાનમાં મારી ઘરવારીના મામા એના માસી પણ હતા જલ્પા નો હતી જાતી પણ એના મમ્મી એ એવી રીતે અમારા ઘરે વર્તન કરેલ કે જલ્પા ને લઈજ જાવી છે મારા પપ્પા ઓપ થ્યાને એક*

*મહિનો જ થ્યો તો અને મારા ઘરે આવીને કુટવા માડયા મારા મમ્મીના નામનું તો પણ અમે સહન કરયુ પણ ઈ એક જ વાત લઈને ઉભા તા મારા મારી છોકરી લઈ જાવી છે. ઈ બેય જણાને નથી ભડતુ અમારે નથી ભડતુ તો અમે લવમેરેજ નો કરેત. આ બધી વાત કરીને એના મમ્મી મારી ઘરવારીને મારા ઘરેથી લઈ ગયા મારી ઘરવારી ઈ પણ એમ નો બોલી કે મમ્મી મારો ઘર છે. મારુ ઘર છે.  તમારે આયા આવુ નો કરાઈ બાધવા બોલવાનું તો આવતુ જ હોય છે. મારી ઘરવારી નો જાય એ માટે મેં મારો છોકરો મારી પાસે લઈ લીધો તો પણ એના મમ્મીના કેવાથ ઈ મારા ઘરેથી વઈ ગઈ મેં ઘણીય કોશિશ કરી કે તું નો જા આ બધુઈ થાતા મારી ઘરવારી વઈ ગઈ અને જયારે જલ્પા રિસામણે હતી ત્યારે પણ આની મમ્મી અને ભાભી શિતલ હર્ષદ બાબરીયા જે મારા સાળાની ઘરવારી છે તેને પણ કાઈ બાકી નથી રાખ્યુ રિસામણે હતી ત્યારે મને એવા જવાબ દેવામાં આવતા કે તારા માટે પેદા નથી કરયો મારા સાળાની ઘરવારી એ મારી ઘરવારીનો ફોન પણ બંધ કરાવી દીધો એમ કઈને કે જવા દયો ને આને અમે બીજો ગોતિ દેશુ તો એવુ તો મેં શું બગાડયુ હતુ આનું કે મારી અને મારી ઘરવારી પાછળ પડયા છે મારા લગ્ન થયા પછી મેં બે વરસ સતત મારા સાળા ના બધાઈ કામ કરયા છે. નોકરી નું મકાન લગ્ન કરાવ્યા તોય હું ખરાબ અમારે બેય જણાને કાઈ વાન્ધો નો તો મારી ઘરવારીની મમ્મી ને એની ભાભી એ મારું જીવન બરબાદ કરી નાખ્યુ છે. અમારે કાંઈ વાન્ધો નો હતો પણ જયાર થી મારા સાળાના લગ્ન થયા છે ત્યાર છે આમજ હાલે છે. હું ખાલી મારી ઘરવારી પાસે એટલુ માતો હતો કે તું મારી થયને રે બીજા સું મેં કીધુ ઈ જે કઈ એ હું કરતો પણ હવે એના મમ્મીના કેવાથી મને ચ્યા લગી કઈ દીધુ કે મારે છુટુ થાવુ છે. આ શબ્દ મારી ઘરવારી ના નથી એની મમ્મીએ અને ભાભી આ બન્ને ના છે. અમને નિરાંતે જીવવા નથી દેતા એટલા માટે હુ આ ફેસલો લીધો છે. મારા ગ્યા પછી મધુબેન જીવરાજ બાબરિયા શિતલ હર્ષદ બાબરિયા આ બે વ્યકિત ના લીધેજ હું મરૂ છું.*

*જલ્પા મે તને કેટલો પ્રેમ કરયો હતો કે તું બીજવાર હતી સીજરયન હતુ તો પણ મે એકવાર કીધુ કે હુ તારી સાથે લગ્ન કરીશ તો પણ એને મારા માં શું ખોટ રઈ ગઈ મે તો તને સાચા મનથી પ્રેમ કરયો તો પણ તે મારી સાથે આવુ કરયુ બીજા બધાથી તો ઠીક પણ જીવન આખુ તારા માટે જીવવાનું નકકી કરેલ અને તું તારી મમ્મી ને ભાભીના ઈશારે હાલવા મડી તો તે પ્રેમ કરયો કે વિશ્વાસઘાત પ્રેમ તો મે એકલા એજ કરયો તો તે તો ખાલિ ટાઈમ પાસ કરયો છે કોઈ દિવસ મારી બાજુમાં બેસીને એમ કીધું કે પારસ તમે ઉપાદી કરોમાં બધુઈ થઈ જાશે હુ ઘરની જવાબદારી લવ છું તમે ટેન્શન લ્યો માં મારા પપ્પા ગ્યા પછી મોટો છું અને મારી ઘરવાળી હતા પણ એનો મગજ કયાં હાલે છે. ઈ સમજાતુ નથી જલ્પા મે તો તને પ્રેમ કરયો છે કરીશ ને મરી ગ્યા પછી પણ કરીશ પણ હુ નઈ હોવને ત્યારે તને અહસાસ થાશે કે મારો વર મારા માટે બધુઈ હતો હુ પારસ પરમાર જલ્પાનો વર મારા ગ્યા પછી મારી ઘરવારીને કોયે કાઈ કેવાનું નથી થાતુ અને એની માથે કાંઈ પણ જાતનું કેસ કે કાઈ વાક આવવો નો જોઈ ઈ નિર્દોષ છે. જે કાઈ કરવા વાળા છે. ઈ મધુબેન જીવરાજ બાબરિયા અને શિતલ હર્ષદ બાબરિયા છે. આ બે વ્યકિત ને મુકતા નઈ હું કંટાળી ને આ પગલુ ભરૂ છુ.*

*જલ્પા હુ જાવ છું હવે તને નઈ નડવા આવુ તને એમ હતુ ને કે દરવખતની જેમ ખોટું બોલે છે પણ હવે બસ થઈ ગ્યું અને વંશને હાચવજો એને કાંઈ ઘટવા નો દેતા જલ્પાને જોતો હોઈને તો આપી દેજો પણ તમારે બધાય નચ ધ્યાન રાખવાનું છે. મમ્મી સંજય કારી કાજી જલ્પાને કાઈ કેતા નઈ હુ આ બધુય એની માં ને ભાભી ના લીધે કરૂ છું."*

*પારસ ડી. પરમાર*

(૧૪) ફરીયાદપક્ષ તરફે <u>ગુજનારના પડોસી</u> તરીકે સાહેદ શૈલેશભાઈ રવિદાસભાઈ પરમાર નાઓને આંક-૩૯ (PW-03) થી તપાસવામાં આવેલ છે.

સદર સાહેદના પુરાવા મુજબ, આ કામના ગુજરનાર પારસ તેઓના પાડોશી થાય છે. બનાવના દિવસે તેના ઘરે દેકારો થતા તેઓ ગુજરનારના ઘરે ગયેલ. તેઓએ જોયુ તો પારસભાઇ ઉબકા કરતા હતા. જેથી તેને સારવાર અર્થે ગોંડલ સરકારી હોસ્પીટલ લઇ ગયેલ અને ત્યારપછી પારસભાઇ સુખવાલા હોસ્પીટલમાં દાખલ થયેલ હતા અને સારવાર લીધેલ હતી અને સાંજે તેઓને જાણવા મળેલ કે, પારસભાઇએ ઝેરી દવા પીધેલી અને ત્યારબાદ તેનું મૃત્યુ થયેલ હતુ પારસભાઇએ સ્યુસાઇડ નોટ લખેલી પણ તેઓએ જોયેલ ન હતી.

આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ગુજરનાર પારસભાઇએ ઝેરી દવા પીધેલ તે કયા કારણોસર દવા પીધેલી તે તેઓ જાણતા નથી અને પોલીસે માત્ર તેઓનું નામઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ તેઓની પાસે પોલીસે માહીતી લીધેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષ તરફે ગુજનારના બહેન સંગીતાબેન સુભાષભાઇ વાઘેલા નાઓને આંક-૪૧ (PW-04) થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવા મુજબ, આ કામના ગુજરનાર પારસભાઇ તેઓનો નાનો ભાઇ થાય છે, તેના લગ્ન બાબરીયા જલ્પાબેન સાથે થયેલ હતા અને બન્નેના લગ્ન જીવન દરમ્યાન એક બાળકનો જન્મ થયેલ હતો, આ કામના આરોપી નં.૧ મધુબેન ગુજરનાર ની સાસુ થાય છે, તેમજ આ કામના આરોપી શીતલબેન તેઓના ભાઇ પારસ ના સાળાની વહુ થાય છે, તેમજ આરોપી રવી અને હર્ષદ તેઓના ભાઇ પારસ ના સાળા થાય છે. વધુમાં તેઓ જણાવે છે કે, બનાવના દીવસે તેઓની બહેન તેમના પિતાના ઘરે આવેલ હતી, તેઓની બહેન દાફડા લતા મહીપત પ્રેગન્ટ થયા બાદ બેબીનો જન્મ થયેલ હોય, તેઓની બહેન લતાનો ફોન આવેલ કે, 'ગુજરનાર પારસે દવા પીધેલ છે.' જેથી તેઓ તરત ઘરે આવેલ હતા. તેઓના ભાઇ પારસને દવાખાને લઇ જતા હતા, જેથી તેઓ રસ્તામાં ભેગા થઇ જતા તેઓ પણ સરકારી દવાખાને ગયેલ હતા અને સરકારી હોસ્પીટલેથી વધુ સારવાર માટે રીક્ષામાં ડો.સુખવાલા સાહેબને ત્યાં લઇ ગયેલ, તેમજ રસ્તામાં મરણ જનાર તેઓના ભાઇએ તેઓને વાત કરેલ કે, 'મધુબેન, સાળાની વહુ શીતલ, સાળો હર્ષદ તથા રવી ત્રાસ આપે છે અને મેન્ટલી ટોર્ચર કરે છે.' તેઓના ભાઇની પત્ની જલ્પા પીયરમાં હોય તેને તેડવા માટે ઉપરોકત આરોપીઓને તેઓનો ભાઇ ફોન કરતો હતો અને તે

જણાવતા હતા કે, ''જલ્પાને તેડવા આવીશ તો જાનથી મારી નાખીશ.'' તેવી ધમકી આપતા હતા અને આવા ત્રાસના કારણે અને આરોપીઓના અતીશય ત્રાસના કારણે પોતાની મેળે ઝેરી દવા પી તેઓના ભાઇએ આપઘાત કરેલ.

વધુમાં જણાવેલ સદર સાહેદ જણાવે છે કે, તેઓનો ભાઇ ધોરણ – ૧૨ પાસ હતો અને તેને લખતા વાંચતા આવડતુ હતુ, તેઓના ભાઇએ સુસાઇડ નોટ લખેલ હતી, જે સુસાઇડ નોટ વોટ્સએપમાં તેઓના નાના ભાઇ ને મોકલેલ હતી, પોલીસે સુસાઇડ નોટ કબ્જે કરેલ હતી. તેઓને તે બતાવવામાં આવે તો ઓળખી શકે. તેમજ વધુમાં જણાવે છે કે, આરોપીઓ ને ઓળખે છે અને ગુજરનાર તેઓના ભાઇની ઉમર ૨૫ વર્ષની હતી., ગુજરનારના અક્ષરો તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેઓને આંક-P3/PW2 થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં.એ-૧ બતાવવામાં આવેલ, તે જોઇને જણાવે છે કે, આ સુસાઇટ નોટ છે જે તેઓના ભાઇ પારસભાઇએ લખેલ હતી તે છે. તેમજ તેઓને આંક-P4/PW2 થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં. એ-૩ વાળી નોટબુક બતાવવામાં આવેલ, જે નોટબુકમાંના હસ્તાક્ષર તેઓના ગુજરનાર ભાઇ પારસના છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ તેઓને આંક-P5/PW2 થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં.એ-૪ વાળુ ફોર્મ બતાવવામાં આવેલ, તેમાં જે સહી છે તે તેઓના ભાઇની સહી છે જે ઓળખી બતાવે છે.

આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પારસ અને જલ્પાબેન નું લગ્નજીવન સારી રીતે ચાલતુ હતુ અને આરોપી નં.૧, ૨, ૪ નાઓ અમરેલી રહેતા હતા અને આરોપી નં.૩ કોટડાસાંગાણી રહેતા હતા. તેમજ સાહેદ જણાવે છે કે, આરોપીઓનું મકાન ગુજરનારના ઘરની સામે આવેલ હોય ત્યાં તેઓ અવારનવાર આવતા જતા હતા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી નં.૪ તે ગુજરનાર પારસના લગ્ન અગાઉ કચ્છમાં રહેતો હતો. આરોપી નં.૪ તેના પિતાનો એક માત્ર સંતાન છે. સાહેદ જણાવે છે કે, તેનો એક ભાઇ હતો, જે ૧૦–૧૨ વર્ષ અગાઉ ગુજરી ગયેલ હતો અને તેઓના ભાઇની પત્ની જલ્પાબેન તથા આરોપી નં.૪ બન્ને ભાઇ બહેન હતા અને તે સીવાય અન્ય કોઇ ભાઇ–બહેન હતા નહીં. વધુમાં, સદર સાહેદ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, ગુજરનારના સસરા જી.ઈ.બી.માં નોકરી કરતા હતા તેમજ જલ્પાના નાના ગોંડલમાં રહેતા હતા અને જલ્પાના નાનાનુ અવસાન તા.૩૦ /૯/૨૦૨૧ ના રોજ થયો તે દીવસ અગાઉ સુધી ગુજરનાર અને જલ્પા સાથે

રહેતા હતા અને તા.૩/૧૦/૨૦૨૧ બાદ તેઓનો ભાઇ ૨–૩ વાર જલ્પાને તેડી લાવવા માટે ગયેલો. વધુમાં, સદર સાહેદ એ બાબતનો સ્વીકાર કરે છે કે, બનાવ અગાઉ કયારેય તેઓના ભાઇએ તેના પત્ની કે આરોપીઓને કોઇ નોટીસ આપેલ હોય કે તેમની સામે ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી, આરોપીઓ ધમકી આપતા હોય કે, અહીં આવીશ તો જાનથી મારી નાખીશુ તેવી કોઇ ફરીયાદ ગુજરનારે કરી હોય તેવુ બન્યુ નથી. સાહેદ નં. ૪ એ વાત સ્વીકારે છે કે તેઓ ૧૨ વર્ષથી ઉપરાંત પરણીત છે અને તેમની સાસરીમાં રહે છે, અને તેઓના રહેણાંકથી ગુજરનાર જયા રહેતો હતો ત્યાં જવુ હોય તો ૧૦–૧૫ મીનીટનો સમય લાગે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, <u>બનાવ અગાઉ નજીકના અરસામાં ગુજરનારે મને કોઇ વાત કરેલ હોય કે તે તનાવમાં હોય તેવી જાણ કરેલ હોય તેવુ બન્યુ નથી.</u> તેઓ સ્વીકાર કરે છે કે તેઓ ગ્રેજયુએટ છે, ગુજરનાર તેઓથી ૪ વર્ષ નાના હતા અને સુસાઇડ નોટ તેઓને આપી હોય તેવુ બન્યુ નથી, તેમજ તેઓએ જે તે વખતે સુસાઇડ નોટ જોયેલ નહીં. સાહેદ જણાવે છે કે, સુસાઇડ નોટ સંજયના (ફરીયાદી) હાથમાં હતી અને તેણે પોલીસને આપેલી.

**(૧૬)** ફરીયાદપક્ષ તરફે <u>પંચસાહેદ</u> દિલીપભાઇ ગોરધનભાઇ બાવળીયા નાઓને આંક-૪૫ (PW-06) થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવા મુજબ, તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ પોલિસે એક તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલી. તેઓ રૂબરૂ <u>ગુજરનાર પારસની કુદરતી અક્ષરવાળી નોટબુક કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી</u>. વધુમાં, આંક–P9/PW6 થી રજુ પંચનામું બતાવવામાં આવેલ, તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે.

સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા જે નામદાર કોર્ટ દ્વારા આપવામાં આવેલ અને ત્યારબાદ પંચસાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ. જેમાં પણ કોઇ ફળદાયી હકીકત પંચસાહેદ જણાવતા નથી. વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, <u>એ વાત ખરી છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ હતી. તેઓ રૂબરૂ કોઇ નોટબુક કબ્જે થયેલ હોય તેવુ બનેલ નથી.</u>

**(૧૭)** ફરીયાદપક્ષ તરફે <u>પંચસાહેદ</u> અજયભાઇ જીવરાજભાઇ દાફડા નાઓને આંક-૪૮ (PW-07) થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવા મુજબ, પોલીસે તેઓને ગુજરનાર પારસભાઈના ઘરે પંચમાં બોલાવેલ હતા તથા તેઓની સાથે બીજા પંચ દિલીપભાઈ હતા. ગુજરનાર પારસભાઈએ તેમના ઘરે વી.કે.નગર વિસ્તારમાં દવા પીધેલ હતી. ત્યાં પોલીસ આવેલ હતી. તેઓ ગુજરનારના ઘરે ગયેલ હોય પંચસાહેદ તરીકે રહેલો. વધુમાં, જણાવે છે કે, <u>પોલીસે બનાવવાળી જગ્યાનું પંચનામું</u> તેઓની હાજરીમાં કરેલુ તેમજ તેઓને આંક–P10/PW7 થી રજુ સ્થાનિક જગ્યાનું પંચનામું બતાવવા માં આવેલ, જેમાં પંચ નં.૧ તરીકે દિલીપભાઈની સહિ અને પંચ નં.૨ તરીકે તેઓ પોતાની સહિ ઓળખી બતાવે છે. તેમજ તેઓને સદર પંચનામું વાંચી સંભળાવતા જણાવે છે કે, તેમાં લખેલ વિગતો સાચી છે.

વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓ ગુજરનાર પારસ ના ઘરે બપોર પહેલા ગયેલ. એ વાત ખરી છે કે, તેઓ ગુજરનાર પારસના ઘરે ગયેલ ત્યારે ત્યાં કોઈ ન હતુ, જેથી તેઓ ગોંડલ સરકારી દવાખાને ગયેલા અને ત્યાં તેઓએ પંચનામમાં સહિ કરેલી. એ વાત ખરી છે કે, તેઓ ગયેલ તે પહેલા દિલીપભાઈની સહિ પંચનામામાં થઈ ગયેલ હતી.

**(૧૮)** ફરીયાદપક્ષ તરફે <u>પંચસાહેદ</u> શામજીભાઇ વાલજીભાઇ સાકરીયા નાઓને આંક-૫૦ (PW-09) થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવા મુજબ, તા.૧૮/૧૦/૨૦૨૧ ના રોજ પોલિસે એક તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલી. તેઓ રૂબરૂ ગુજરનાર<u> પારસની કુદરતી અક્ષરવાળી નોટબુક કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી</u>. તેમજ તેઓને આંક-P9 /PW6 થી રજુ પંચનામું બતાવવામાં આવેલ, તેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે.

સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા જે નામદાર કોર્ટ દ્વારા આપવામાં આવેલ અને ત્યારબાદ પંચસાહેદ ની ઉલટતપાસ કરવામાં આવેલ. જેમાં પણ કોઇ ફળદાયી હકીકત પંચસાહેદ જણાવતા નથી. વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં

આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ હતી. તેમજ તેઓ રૂબરૂ કોઇ નોટબુક કબ્જે થયેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૯)** ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ પ્રતિક મહેન્દ્રભાઇ ચૌહાણ નાઓ ને આંક-૫૪ (PW-10) થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવા મુજબ, પોલીસે તા.૨૯/૧૦/૨૦૨૧ ના રોજ તેઓ મોટી બજારમાં હતા. ત્યારે એક તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલ અને તેઓની સાથે બીજા પંચ કાર્તીકભાઇ પણ હતા તેની પણ તૈયાર પંચનામામાં સહી લીધેલી અને હાલ કાર્તીકભાઇનું અવાસાન થયેલ છે. તેમજ તેઓ રૂબરૂ ગુજરનારના સહી વાળુ ફોર્મ કબ્જે લીધેલ હોય તેવુ બનેલ નથી. તેમજ આંક–P11/PW10 થી રજુ અસલ પંચનામું બતાવવામાં આવેલ, તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી અને પંચ નં.૨ તરીકે કાર્તીકભાઇની સહી ઓળખી બતાવે છે.

સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા જે નામદાર કોર્ટ દ્વારા આપવામાં આવેલ અને ત્યારબાદ પંચસાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ. જેમાં પણ કોઇ ફળદાયી હકીકત પંચસાહેદ જણાવતા નથી. વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ એ તૈયાર પંચનામામાં સહી કરેલ.

**(૨૦)** ફરીયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર વિશાલ ક્રિષ્નકાંત ગોલવેલકર નાઓને આંક-૬૫ (PW-11) થી તપાસવામાં આવેલ છે. સદર ત.ક.અ.ના પુરાવા મુજબ, તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ તેઓ ગોંડલ સીટી પો.સ્ટે.માં પી.આઇ. તરીકે પોતાની ફરજ પર હતા. તે વખતે ગોંડલ સીટી પો.સ્ટે. ગુ.રજી.નં.૧૫૧૯ /૨૦૨૧ ની તપાસ તેઓને મળેલ હતી. આ તપાસ અનુસંધાને તેઓએ સાહેદો ના નિવેદનો લીધેલા તેમજ સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ તેમજ ઝેરી દવા મરણજનારે પીધેલ હતી તે ડબ્બી કબ્જે કરેલ. ત્યારબાદ ગુજરનારના કુદરતી અક્ષરોની નોટબુક કબ્જે કરેલ અને ગુજરનારની પી.એમ. નોટ તપાસ અર્થે મેળવેલ તેમજ ગુજરનારની સુસાઇડ

નોટ તથા કબ્જે કરેલ કુદરતી અક્ષરો એફ.એસ.એલ.માં મોકલેલ તેમજ અન્ય મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા ચાર્જશીટ રજુ કરેલ. વધુમાં, આંક–P12/PW11 થી તપાસનો હુકમ તથા આંક–P13/PW11 થી ગુનો રજીસ્ટર થવાનો પત્ર રજુ રાખવામાં આવેલ છે. તેમજ આંક– P14/PW11 થી મરણોતર ફોર્મ રજુ રાખવામાં આવેલ છે. તેમજ આંક–P15/ PW11 તથા આંક–P17/PW11 થી મુદ્દામાલ રવાનગી પત્રક અને સત્તા અંગે નું પ્રમાણપત્ર રજુ રાખવામાં આવેલ છે. તેમજ આંક–P16/PW11 તથા આંક–P18/PW11 થી એફ.એસ.એલ.ની પહોંચો રજુ રાખવામાં આવેલ છે. તેમજ આંક–P19/PW11 થી એફ.એસ.એલ. રીપોર્ટો રજુ રાખવામાં આવેલ છે. તેમજ આંક–P20/PW11 થી હેન્ડરાઇટીંગ એક્સ્પર્ટનો ઓપીનીયન મુદ્દામાલ આર્ટીકલ સાથે રજુ રાખવામાં આવેલ છે, જે તેઓને બતાવવામાં આવેલ હોય, જે ઓળખી બતાવે છે.

વધુમાં, આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, <u>તપાસના કામે તેઓ એ ગુજરનારના પત્નિ જલ્પાબેનનું કોઇ નિવેદન લીધેલ નથી</u> તેમજ આરોપી અને ગુજરનાર વચ્ચે ફોનમાં વાતચીત થઇ હોય તેવી કોઇ કોઇ–ડીટેલ તપાસના કામે મેળવેલી નથી કે આ કામે રજુ રાખેલ નથી. તેમજ એ વાત સ્વીકારે છે કે તપાસમાં એવુ ખુલેલુ કે, બનાવ વખતે મધુબેન, શીતલબેન અને હર્ષદ અમરેલી મુકામે રહેતા હતા. તેમજ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, સુસાઇડ નોટ તેઓએ વાંચેલ હતી. તેમજ એ વાત ખરી છે કે, તપાસના કામે તેઓએ હર્ષદના મામા કે માસીનું કોઈ નિવેદન લીધેલ નથી. વધુમાં, ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસમાં એવુ જણાય આવેલ કે, ગુજરનારના લગ્ન તેમના પત્નિ જલ્પાબેન સાથે બનાવ અગાઉ પાંચેક વર્ષ પહેલા થયેલા અને એક બાળકનો જન્મ થયેલ હતો.

**<u>પુરાવાનું વિશ્લેષણ :–</u>**

**(૨૧)** ફરીયાદપક્ષ દ્વારા મરણજનારે ઝેરી દવા પી આપઘાત કરેલા ની હકીકત શંકા રહિત પુરવાર કરેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓએ મરણજનારને આપઘાત કરવા માટે પ્રેરીત કરેલ તેવો આક્ષેપ છે અને તે સંદર્ભે ફરીયાદી સંજયભાઇ દિપકભાઇ પરમાર સાહેદ નં.૨ તરીકેની પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી નં.૪ હર્ષદ જીવરાજ બાબરીયા

નાએ મરણજનારને ફોન ઉપર એવુ કહેલ કે, *'તે મરણજનારના પત્નીને નહીં મોકલે.'* અને એવુ પણ જણાવેલ કે, "*જલ્પાને તારી સાથે નહીં મોકલુ, તારે દવા પી લેવી હોય તો પી લે.*" જેથી મરણજનારે દવા પી લીધેલ.

અત્રે નોંધવુ જરૂરી છે કે, ફરીયાદીના કથન મુજબ મરણજનાર ને પ્રથમ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યારબાદ વધુ સારવાર માટે ડોકટર સુખવાલાની હોસ્પીટલે લઈ ગયેલ, ત્યારે રીક્ષામાં ગુજરનાર પારસે ફરીયાદી તથા ફરીયાદીના બહેન કાજલબેનને વાત કરેલ કે, "*મને મારા સાળા હર્ષદનો ફોન આવેલ કે, તારી પત્નીને મોકલી દે એટલે કે જલ્પાને મોકલી દે.*" અને જલ્પાના ભાઈ હર્ષદે એવુ કહેલ કે, "*જલ્પાને નહીં મોકલુ.*" સદર સાહેદ વધુમાં જણાવે છે કે, ફોન કરીને આરોપી હર્ષદે (આરોપી નં.૪) અને આરોપી રવી (આરોપી નં.૩) એ ધમકાવેલ અને આરોપી નં.૪ નાએ એવુ કહેલ કે, "*હું મારી બહેન જલ્પાને તારી સાથે નહીં મોકલુ, તારે દવા પી લેવી હોય તો પી લે.*" જેથી મારા ભાઈએ દવા પી લીધેલ.

સદર બાબતે ફરીયાદ જોવામાં આવે તો, તેમાં મરણજનારને સુખવાલા સાહેબની હોસ્પીટલે રીક્ષામાં લઈ જતા હતા, ત્યારે એવી વાત કરેલ કે, "*મેં રવી તથા હર્ષદને ફોન કરી, મારી પત્ની જલ્પાને મોકલી દેવા ફોન કરતા, રવી હરેશભાઈ બાબરીયા તથા હર્ષદ જીવરાજભાઈ બાબરીયા મારી બહેન નહીં આવે જો તેડવા આવીશ તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપતા, મેં આ બંનેને હું દવા પી જઈશ તેમ કહેતા, આ બંનેએ મને દવા પી મરી જવાનું કીધેલ.*"

સદર કામે ફરીયાદીની ઉલટતપાસ જોતા, તેઓ સ્વીકાર કરે છે કે, લગ્ન અગાઉ મરણજનાર પારસ તથા તેમની પત્ની જલ્પા વચ્ચે પ્રેમ સંબંધ હતા અને ત્યારબાદ બંને પક્ષના કુટુંબીજનોએ લગ્ન કરાવી આપેલા. તેમજ ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, <u>મરણજનાર સાથે લગ્ન થયા બાદ બનાવ બન્યો તે અરસામાં મરણજનારના પત્ની બે વાર રીસામણે ગયેલા</u> અને તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ મરણજનારના પત્નીના નાનાનું અવસાન થયેલુ અને પાણી ઢોળની વીધી તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ હતી. તેમજ તા.૦૫/૧૦/૨૦૨૧ ના અરસામાં મરણજનારના પત્ની તેમની સાથે રહેતી હતી અને મરણજનારે આપઘાત કર્યો તેના આગલા દિવસે તેમના પત્ની જલ્પાબેન તેના પીયરે જતા રહેલા. તે બાબતનું કારણ પુછતા ફરીયાદી જણાવે છે કે, જલ્પાબેનના નાનાનું પાણી

ઢોળની વીધી પુરી થયા બાદ જલ્પાબેનને પરત આવી જવા માટે પારસે જણાવેલુ. પરંતુ, જલ્પાબેનના માતા તથા મામા વિગેરે બોલવા લાગેલા. જેથી મરણજનારે કહેલ કે, "મોકલો છો કે નથી મોકલતા અને જો નહીં મોકલો તો હું દવા પી જઇશ." તેમ છતાં તેઓ માનેલા નહીં, જેથી મરણજનાર પરત આવી ગયેલ. વધુમાં, ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, જલ્પાબેનના નાનાની વિધી પુરી થઇ તે સવારના સમયે મરણજનારે જલ્પાબેનના કુટુંબીજનો સાથે ઝઘડો કરેલો. વધુમાં, ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, ગુજરનાર ગુસ્સાવાળા સ્વભાવના હતા. તેમજ અગાઉ ક્યારેય ગુજરનારે આરોપીઓ સામે કોઇ ફરીયાદ જેવી કે, શારીરીક ત્રાસની કે ધમકાવવાની કરેલ નથી. આમ, ફરીયાદીની જુબાની ધ્યાને લેતા, મરણજનાર અને તેમના પત્ની વચ્ચે પત્નીને પીયરમાંથી બોલાવવા બાબતે તકરાર હતી તેવુ જણાય આવે છે.

**(૨૧.૧)** સદર કામે ઇન્કવેસ્ટ પંચનામાની વિગતે મરણજનાર પાસેથી સુસાઇડ નોટ મળી આવેલ હતી. સદર સુસાઇડ નોટ બાબતે ફરીયાદી જણાવે છે કે, આ સુસાઇડ નોટ મરણજનારે તેમને વોટ્સએપમાં મોકલેલ હતી. સુસાઇડ નોટના હસ્તાક્ષરો મરણજનારના હોવાનું ફરીયાદી ઓળખી બતાવે છે. તેમજ મરણજનારના કુદરતી હસ્તાક્ષરો આંક-P4/PW2 અને આંક-P5/PW2 થી રજુ છે, જે પણ ફરીયાદી ઓળખી બતાવે છે. સદર કામે સુસાઇડ નોટ તથા મરણજનારના કુદરતી હસ્તાક્ષર નિષ્ણાંતના અભિપ્રાય માટે મોકલવામાં આવ્યા બાબતની રવાનગી નોંધ આંક-P15/PW11 થી રજુ છે અને તે એફ.એસ.એલ. કચેરી, રાજકોટને મળેલાની પહોંચ આંક-P16/PW11 થી રજુ છે. તેમજ આંક-P20/PW11 થી હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય રજુ છે. જેમાં, સુસાઇડ નોટ તથા મરણજનારના કુદરતી હસ્તાક્ષર ધરાવતી ડાયરી અને મુથુટ ફાઇનાન્સના ફોર્મમાં કરેલ સહી એક જ વ્યકિત દ્વારા લખાયેલ હોવાનો અભિપ્રાય આપેલ છે. સદર કામે હસ્તાક્ષર નિષ્ણાંતને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી તેમ છતાં ફરીયાદીની જુબાનીના આધારે આંક-P3/PW2 થી રજુ સુસાઇડ નોટ મરણજનારે લખેલ હોવાનું માની વંચાણે લેવામાં આવે તો, તેમાં તા.૦૩/૧૦/૨૦૨૧ ના રોજ મરણજનાર ને તેમની પત્ની સાથે મરણજનારની માતાને નાસ્તો આપવા બાબતે તકરાર થયેલાનું અને મરણજનારે તેની પત્નીની માતાને સમાધાન થાય તે હેતુથી

બોલાવેલા, પરંતુ મરણજનારના સાસુ આવતા સમાધાનના બદલે મરણજનાર ની પત્નીનો સપોર્ટ કરીને તેણીને લઇ ગયેલ હોવાનો ઉલ્લેખ છે.

વધુમાં, સુસાઇડ નોટ ધ્યાને લેતા, મરણજનારના પત્ની પોતાની માતા સાથે જતા રહેલ તે બાબતે પણ તેમને મનદુ:ખ હોવાનું જણાય છે અને મરણજનારના પત્નીને ક્યારેય મરણજનાર તેનો વર છે અને તે પોતાના વર સાથે રહેવા માંગે છે તેવુ કહેલ નહીં, તે બાબતનો પણ ઉલ્લેખ છે. વધુમાં, સુસાઇડ નોટ પ્રમાણે આરોપી નં.૧ અને આરોપી નં.ર જેઓ મરણજનારના સાસુ તથા મરણજનારના પત્નીના ભાભી થાય છે, તેમણે પણ મરણજનારના પત્ની રીસામણે હતા, ત્યારે મરણજનારને હેરાન કરેલ હતા તેવો ઉલ્લેખ છે અને તે બંનેએ મરણજનારનું જીવન બરબાદ કરી નાખ્યુ છે તેવો ઉલ્લેખ છે. તેમજ મરણજનારના માનવા મુજબ, આરોપી નં.૧ અને આરોપી નં.ર ની ચડામણીના કારણે તેમના પત્ની છુટા થવા માંગે છે તેવુ જણાવતા હતા. અત્રે એ પણ નોંધવુ જરૂરી છે કે, સુસાઇડ નોટના અંત ભાગે મરણજનારે એવો ઉલ્લેખ કરેલ છે કે, "જલ્પા હું જાવ છું, હવે તને નહીં નડવા આવુ, તને એમ હતુ ને કે દર વખતની જેમ ખોટું બોલે છે, પણ હવે બસ થઇ ગયુ."

**(૨૧.૨)** સુસાઇડ નોટ વંચાણે લેતા, તેમાં આરોપી નં.૧ અને આરોપી નં.ર નાઓ મરણજનારના મૃત્યુ માટે જવાબદાર હોય તેવી કેફિયત રજુ થયેલ છે અને આરોપી નં.૧ અને આરોપી નં.ર નાઓ મરણજનારના પત્નીની ચઢમણી કરતા હતા તેવો આક્ષેપ છે. અત્રે એ નોંધવુ જરૂરી છે કે, સુસાઇડ નોટમાં આરોપી નં.૩ અને આરોપી નં.૪ સામે કોઇ આક્ષેપ કરવામાં આવેલ નથી. તેમજ આરોપી નં.૧ અને આરોપી નં.ર સામેના આક્ષેપ જોતા, મરણજનારના પત્ની સદર બાબતે સૌથી અગત્યના સાહેદ કહી શકાય તેમ છે. કારણ કે, મરણજનારના પત્નીએ મરણજનાર સાથે પરત રહેવા ન જવાનું નક્કી કરેલ, તે કઇ બાબતના આધારે નક્કી કરેલુ, તે રેકર્ડ ઉપર લાવવુ ખુબ જ આવશ્યક હતુ તેમ છતાં તપાસ કરનાર અમલદારશ્રીએ મરણજનારના પત્ની જલ્પાબેનનું નિવેદન લીધેલ નથી કે તેમને સાહેદ તરીકે દર્શાવેલ નથી. વધુમાં, તપાસ કરનાર અમલદારશ્રી પોતાની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, મેં ગુજરનારના પત્ની જલ્પાબેનનું કોઇ નિવેદન લીધેલ નથી.

આમ, જ્યારે સદર કામે સૌથી મહત્વના કહી શકાય એવા સાહેદ એટલે કે, મરણજનારના પત્નીને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ ન હોય અને મરણજનાર દ્વારા કથિત રીતે લખવામાં આવેલ સુસાઇડ નોટ જોતા, મરણજનારના પત્ની સૌથી અગત્યના સાહેદ હોય તેવા સંજોગોમાં મરણજનારના પત્નીની ચઢામણી આરોપી નં.૧ - ૨ નાએ કરેલ હોય અને તેવી ચઢમણીના ના કારણસર મરણજનારના પત્ની મરણજનારના કહેવા છતાં પરત ફરેલ ન હોય તેવુ શંકા રહીત પુરવાર માની શકાય નહીં.

વધુમાં, આરોપી નં.૩ નાઓ ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન પામેલ હોય, તેમની સામેનો કેસ તા.૨૯/૦૫/૨૦૨૩ ના હુકમથી એબેટ કરવામાં આવેલ છે. તેમજ આરોપી નં.૪ સામે સુસાઇડ નોટમાં કોઇ આક્ષેપ નથી. પરંતુ, ફરીયાદીના કથન મુજબ મરણજનારને સરકારી હોસ્પીટલે થી ડોકટર સુખવાલાને ત્યાં લઈ જતા હતા, ત્યારે મરણજનારે ફરીયાદીને કહેલ કે, "આરોપી નં.૪ નો ફોન આવેલ." અને મરણજનારને કહેલ કે, "મારા પત્ની જલ્પાબેનને મોકલી દે." પરંતુ, આરોપી નં.૪ નાએ તે બાબતની ના પાડેલ અને મરણજનારને ધમકાવેલ અને કહેલ કે, "હું મારી બેન જલ્પાને તારી સાથે નહીં મોકલુ, તારે દવા પી લેવી હોય તો પી લે." જેથી મરણજનારે દવા પી લીધેલ. સદર ફરીયાદીના કથનને મરણજનારની સુસાઇડ નોટ દ્વારા કોઇ સમર્થન મળતુ નથી.

આ ઉપરાંત, ફરીયાદી એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મરણજનાર દવાખાને પહોંચેલ, ત્યારબાદ તેઓ ત્યાં પહોંચેલા અને તેઓ દવાખાને પહોંચે ત્યારે તેમના ઘરેથી પાડોશી શૈલેષભાઇ તથા તેમના બહેન કાજલબેન ત્યાં હાજર હતા અને ગુજરનારને અડધો કલાક સિવીલ હોસ્પીટલ, ગોંડલમાં રાખેલા ત્યારે ગુજરનાર ભાનમાં હતા અને ત્યારબાદ સરકારી દવાખાનેથી સુખવાલા હોસ્પીટલમાં મરણજનારને રીક્ષામાં લઇ ગયેલા. ત્યારે મરણજનાર સાથે ફરીયાદી અને ફરીયાદીના બહેન કાજલબેન પણ હતા. સદર બાબતે સાહેદ નં.૨ શૈલેષભાઇની જુબાની જોતા, તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, ગુજરનાર પારસભાઇએ કયા કારણસર દવા પીધેલ તે તેઓ જાણતા નથી અને પોલિસે માત્ર તેમનું નામ, સરનામું પુછેલુ તે સિવાય બીજું કોઇ માહિતી પોલિસે તેમના પાસેથી લીધેલ નથી. આમ, મરણજનારે ગોંડલ સરકારી હોસ્પીટલે થી ડોકટર સુખવાલા હોસ્પીટલ જતા દરમ્યાન આરોપી નં.૩ અને

આરોપી નં.૪ સામેના આક્ષેપ કરેલ હોય તે બાબતે સાહેદ નં.૩ શૈલેષભાઈની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૨૧.૩)** વધુમાં, સાહેદ નં.૪ થી તપાસવામાં આવેલ સંગીતાબેન કે જેઓ મરણજનારના અને ફરીયાદીના બહેન થાય છે. તેઓ તેમની કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં જણાવે છે કે, સરકારી હોસ્પીટલથી ડોકટર સુખવાલા સાહેબને ત્યાં લઈ જતા હતા, ત્યારે રસ્તામાં મરણજનારે વાત કરેલ કે, મધુબેન (આરોપી નં.૧), સાળાની વહુ શિતલ (આરોપી નં.ર), સાળો હર્ષદ (આરોપી નં.૪) તથા રવિ (આરોપી નં.૩) ત્રાસ આપે છે અને મેન્ટલી ટોર્ચર કરે છે. આમ, મરણજનારે સરકારી હોસ્પીટલથી ડોકટર સુખવાલાની હોસ્પીટલે રીક્ષામાં લઈ જતા હતા, તે દરમ્યાન કથિત રીતે જે વાત કરેલી તે બાબતે ફરીયાદી અને સાહેદ નં.૪ ની જુબાનીમાં તફાવત જણાય છે. કારણ કે, ફરીયાદીના કથન મુજબ મરણજનારે આરોપી નં.૪ નાએ મરણજનારને ફોન ઉપર ધમકાવેલ અને એવુ કહેલ કે, "હું મારી બહેન જલ્પાને તારી સાથે નહીં મોકલુ તારે દવા પી લેવી હોય તો પી લે." જયારે કે, સાહેદ નં.૪ સંગીતાબેન આવી કોઈ વિગત તેમની જુબાનીમાં જણાવતા નથી અને માત્ર ચારેય આરોપીઓએ મરણજનારને મેન્ટલી ટોર્ચર કરેલ તેમ મરણજનારે જણાવેલાનું કહે છે. સાહેદ નં.૪ વધુમાં જણાવે છે કે, મારા ભાઈની પત્ની જલ્પા પીયરમાં હોય તેને તેડવા માટે ઉપરોકત આરોપીઓને મારો ભાઈ ફોન કરતો હતો અને તેઓ જણાવતા હતા કે, જલ્પાને તેડવા આવીશ તો મારી નાખીશ તેવી ધમકી આપતા હતા અને આવા ત્રાસના કારણે પોતાની મેળે મરણજનારે ઝેરી દવા પી આપઘાત કરેલ.

**(૨૧.૪)** આમ, સાહેદ નં.૪ નાઓ આરોપીઓ પૈકી કયા આરોપીએ ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપેલી તેવી પણ કોઈ સ્પષ્ટતા કરતા નથી. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ માં સાહેદ નં.૪ સ્વીકાર કરે છે કે, પારસ એટલે કે ગુજરનાર અને જલ્પાબેનનું લગ્નજીવન સારી રીતે ચાલતુ હતુ તથા આરોપી નં.૧, ૨ અને ૪ નાઓ અમરેલી રહેતા હતા અને આરોપી નં.૩ નાઓ કોટડાસાંગાણી રહેતા હતા. સાહેદ નં.૪ ના એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવ અગાઉ કયારેય તેમના ભાઈએ તેના પત્ની કે આરોપીઓને કોઈ નોટીસ આપેલ હોય કે તેમની સામે કોઈ ફરીયાદ કરેલ હોય

તેવુ બનેલ નથી અને આરોપીઓ ધમકી આપતા હોય કે, અહીં આવીશ તો જાનથી મારી નાખીશુ તેવી વાત કરેલ હોય તે બાબતે ગુજરનારે કોઇ ફરીયાદ કરેલ હોય તેવુ પણ બનેલ નહીં. સાહેદ નં.૪ ના એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, બનાવ અગાઉ નજીકના અરસામાં ગુજરનારે તેણીને કોઇ વાત કરેલ હોય કે તે તણાવમાં હોય તેવી જાણ કરેલ હોય તેવુ પણ બનેલ નથી. આમ, ફરીયાદી તથા સાહેદ નં.૪ ની જુબાની જોતા, ગુજરનારને તેના પત્ની પરત આવતા ન હોય, તે બાબતે આરોપીઓ સાથે તકરાર હોવાનું જણાય આવે છે. પરંતુ, ગુજરનારના પત્નીને આ કામના આરોપીઓએ ચડામણી કરી, તેણી પોતાના પતિ પાસે રહેવા ન જાય તે બાબતે દબાણ કરેલ હોય તેવો કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે સૌથી અગત્યના કહી શકાય એવા ગુજરનારના પત્ની જલ્પાબેનને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી તેવા સંજોગોમાં આ કામના આરોપીઓએ મરણજનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરીત કર્યા હોય તેવુ શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૨૨)** આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત માહેના ગુન્હા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ ની જોગવાઇ આપઘાતનુ દુષ્પ્રેરણ કરવામાં આવતુ હતુ તેવુ પુરવાર કરવામાં આવે તો જ આ જોગવાઇ આકર્ષાઇ છે. કલમ–૩૦૬ ની ઉપરોકત જોગવાઇમાં પ્રયોજવામાં આવેલ " દુષ્પ્રેરણ" ને સમજવા સારૂ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ ની જોગવાઇ તથા "દુષપ્રેરક" માટે કલમ–૧૦૮ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**<u>૧૦૭ઃ કોઇ બાબત માટે દુષ્પ્રેરણઃ–</u>**

જે વ્યકિતઃ–

પહેલુઃ– કોઇ કૃત્ય કરવા માટે કોઇ બીજી વ્યકિતને ખોટી રીતે પ્રેરે, અથવા,

બીજુઃ– કોઇ કૃત્ય કરવા માટે બીજી એક કે વધુ વ્યકિતઓ સાથે કોઇ કાવતરામાં સામેલ થાય, અને આ કાવતરા ને અનુસરીને અને તે કરવા માચે કોઇ કૃત્ય કરવામાં

આવે કે કરવાનુ ગેરકાયદેસર રીતો ટાળવામાં આવે, અથવા,

ત્રીજુઃ– કોઇ કૃત્ય કરીને કે કરવાનુ ગેરકાયદેસર રીતે ટાળીને કોઇ કૃત્ય કરવામાં ઈરાદાપુર્વક મદદ કરે,

તે વ્યકિત તે બાબતનુ દુષ્પ્રેરણ કરે છે.

**કલમ–૧૦૮ઃ દુષ્પ્રેરકઃ–**

જે વ્યકિત કોઇ ગુન્હો કરવાનુ દુષ્પ્રેરણ કરે અથવા કાયદાની દ્રષ્ટિએ જેનુ કૃત્ય ગુન્હો બની શકે એવી વ્યકિત, જો દુષ્પ્રેરકના જેવા ઈરાદા કે જાણકારીથી કોઇ કૃત્ય કરે તો ગુન્હો બને એવા કૃત્યનુ દુષ્પ્રેરણ કરે, તે વ્યકિત તે ગુન્હાનુ દુષ્પ્રેરણ કરે છે.

(૨૩) આમ, ઉપરોકત કલમ–૧૦૭ મુજબ કોઇ વસ્તુનુ દુષ્પ્રેરણ કરવામાં આવ્યુ છે તે ત્યારે જ કહી શકાય કે જયારે એક વ્યકિત બીજી વ્યકિતને કોઇ કૃત્ય કરવા માટે ઉશ્કેરે, અથવા કાવતરામાં સામેલ થઇ કાવતરાને અનુસરી તે કરવા માટે કોઉ કૃત્ય કરે કે કરવાનુ ગેરકાયદેસર રીતે ટાળે, અથવા કોઇ કૃત્ય કરીને કે કરવાનુ ગેરકાયદેસર ટાળીને કોઇ કૃત્ય કરવામાં ઈરાદાપુર્વક મદદગારી કરે.

(૨૪) એ પ્રસ્થાપિત છે કે, કલમ–૩૦૬ દાયરામાં કેસ લાવવા માટે આત્મહત્યાનો કેસ હોવો જોઇએ અને આ અપરાધમાં, જે વ્યકિતએ આત્મહત્યા માટે પ્રેરીત કરેલ હોવાનુ કહેવાય છે તેણે ઉશ્કેરણી અથવા આત્મહત્યાના આયોગને સરળ બનાવવા માટે ચોકકસ કૃત્ય કરીને કોઇ કૃત્ય દ્વારા સક્રિય ભૂમિકા ભજવી હોવી જોઇએ. તેથી, કલમ–૩૦૬ હેઠળ દોષીત ઠેરવવામાં આવે તે પહેલા પ્રોસીકયુશન દ્વારા ઉકત ગુન્હા માટે આરોપી વ્યકિત દ્વારા ઉશ્કેરણીનુ કૃત્ય સાબિત અને સ્થાપિત કરવુ આવશ્યક છે.

(૨૫) નામદાર સર્વોચ્ચ અદાલતના **Kamalakar vs. State of Karnataka , Criminal Appeal No. 1485 of 2011,** ન્યાયનિર્ણય

તારીખઃ- 12/10/2023 ના તાજેતરના ચુકાદામાં કલમ-૩૦૬ ના ઘટકો બાબતે અવલોકન કરવામાં આવ્યુ છે અને ઠરાવવામાં આવ્યુ છે કે,

> "8.2. Section 306 IPC penalizes abetment of commission of suicide. To charge someone under this Section, the prosecution must prove that the accused played a role in the suicide. Specifically, the accused's actions must align with one of the three criteria detailed in Section 107 IPC. This means the accused either encouraged the individual to take their life, conspired with others to ensure the person committed suicide, or acted in a way (or failed to act) which directly resulted in the person's suicide.
>
> 8.3. In Ramesh Kumar v. State of Chhattisgarh[1], this Court has analysed different meanings of "instigation". The relevant para of the said judgment is reproduced herein:
>
> "20. Instigation is to goad, urge forward, provoke, incite or encourage to do "an act". To satisfy the requirement of instigation though it is not necessary that actual words must be used to that effect or what constitutes instigation must necessarily and specifically be suggestive of the consequence. Yet a reasonable certainty to incite the consequence must be capable of being spelt out. The present one is not a case where the accused had by his acts or omission or by a continued course of conduct created such circumstances that the deceased was left with no other option except to commit suicide in which case an instigation may have been inferred. A word uttered in the fit of anger or emotion without intending the consequences to actually follow cannot be said to be instigation."
>
> 8.4. The essentials of Section 306 IPC were elucidated by this Court in M. Mohan v. State[2], as under:
>
> "43. This Court in Chitresh Kumar Chopra v. State (Govt. of NCT of Delhi) [(2009) 16 SCC 605 : (2010) 3 SCC (Cri) 367] had an occasion to deal with this aspect of abetment. The Court dealt with the dictionary meaning of the word "instigation" and "goading". The Court opined that there should be intention to provoke, incite or encourage the doing of an act by the latter. Each person's suicidability pattern is different from the others. Each person has his own idea of selfesteem and selfrespect. Therefore, it is impossible to lay down any straitjacket formula in dealing with such cases. Each case has to be decided on the basis of its own facts and circumstances.
>
> 44. Abetment involves a mental process of instigating a person or intentionally aiding a person in doing of a thing. Without a positive act on the part of the accused to instigate or aid in committing suicide, conviction cannot be sustained.

45. The intention of the legislature and the ratio of the cases decided by this Court are clear that in order to convict a person under Section 306 IPC there has to be a clear mens rea to commit the offence. It also requires an active act or direct act which led the deceased to commit suicide seeing no option and this act must have been intended to push the deceased into such a position that he/she committed suicide.”

8.5. The essential ingredients which are to be meted out in order to bring a case under Section 306 IPC were also discussed in Amalendu Pal alias Jhantu v. State of West Bengal[3] in the following paragraphs:
“12. Thus, this Court has consistently taken the view that before holding an accused guilty of an offence under Section 306 IPC, the court must scrupulously examine the facts and circumstances of the case and also assess the evidence adduced before it in order to find out whether the cruelty and harassment meted out to the victim had left the victim with no other alternative but to put an end to her life. It is also to be borne in mind that in cases of alleged abetment of suicide there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. Merely on the allegation of harassment without there being any positive action proximate to the time of occurrence on the part of the accused which led or compelled the person to commit suicide, conviction in terms of Section 306 IPC is not sustainable.

13. In order to bring a case within the purview of Section 306 IPC there must be a case of suicide and in the commission of the said offence, the person who is said to have abetted the commission of suicide must have played an active role by an act of instigation or by doing certain act to facilitate the commission of suicide. Therefore, the act of abetment by the person charged with the said offence must be proved and established by the prosecution before he could be convicted under Section 306 IPC.”

(૨૬) **Swami Prahaladdas v. State of M.P 1995 Supp. (3) SCC 438, Sanju v. State of M.P (2002) 5 SCC 371** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવ્યુ છે કે, જયારે ઉચ્ચારણ કરવામાં આવેલ શબ્દો આકસ્મિક પ્રકૃતિના પ્રાસંગીક હોય અને ઘણીવાર ઝઘડો કરનાર વ્યકિતઓ વચ્ચે આવેશમાં ઉપયોગમાં લેવાતા હોય અને જેનાથી કંઈપણ ગંભીર બનાવની આશંકા ન હોય તો તેને આપઘાત માટે ઉશ્કેરણી ન માની શકાય.

(૨૭) **Ramesh Kumar v. State of Chhatisgarh (2001) 9 SCC 618,** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવ્યુ

છે કે, " ઉશ્કેરણી" ની રચના કરવા માટે તે દર્શાવવુ આવશ્યક છે કે, આરોપીએ તેના કૃત્યો અથવા ગેરકાયદે કાર્યલોપના દ્રારા અથવા તેના સતત આચરણ દ્રારા એવા સંજોગો ઉભા કર્યા હતા કે જેથી મૃતક પાસે આત્મહત્યા સિવાય અન્ય કોઇ વિકલ્પ ન હતુ. આરોપી દ્રારા ઉચ્ચારવામાં આવેલા શબ્દો પરિણામનુ સૂચક હોવા જોઇએ.

(૨૮) **Amalendu Pal v. State of West Bengal (2010) 1 SCC 707,** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા ઠરાવવામાં આવ્યુ છે કે, આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાના પ્રત્યક્ષ કે પરોક્ષ કૃત્યો હોવા જોઇએ. ફરજિયાતપણે તે દર્શાવવુ જોઇએ કે, આરોપીએ મૃતકને આત્મહત્યા કરવા ઉશ્કેરવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી અથવા આત્મહત્યાને સરળ બનાવવા માટે ચોકકસ કૃત્યો કરેલા હતા.

(૨૯) **Madan Mohan Singh v. State of Gujarat (2010) 8 SCC,** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા ઠરાવવામાં આવ્યુ છે કે, આરોપીનો ઈરાદો હોવો જોઇએ અથવા તે જાણતો હોવો જોઇએ કે તેના કૃત્યો અથવા કાર્યલોપને કારણે મૃતક અત્મહત્યા કરશે.

(૩૦) નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા **Dasari Siva Prasad Reddy v. The Public Prosecutor , (2004) 11 SCC 282** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, *"A strong suspicion, no doubt, exists against the appellant but such suspicion cannot be the basis of conviction, going by the standard of proof required in a criminal case. The distance between 'may be true' and 'must be true' shall be fully covered by reliable evidence adduced by the prosecution."*

(૩૧) નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Prakash Vs. State of Maharashtra, [2024 INSC 1020] ના કેસમાં ઇ.પી.કો. કલમ ૩૦૬ અને ૧૦૭ અનુસંધાને વિવિધ ચુકાદાઓનું અધ્યયન કરી ઠરાવેલ છે કે:

> *14. Section 306 read with Section 107 of IPC, has been interpreted, time and again, and its principles are well- established. To attract the offence of abetment to suicide, it is important to establish proof of direct or indirect acts of instigation or incitement of suicide by the*

> *accused, which must be in close proximity to the commission of suicide by the deceased. Such instigation or incitement should reveal a clear mens rea to abet the commission of suicide and should put the victim in such a position that he/she would have no other option but to commit suicide.*
>
> *15. The law on abetment has been crystallised by a plethora of decisions of this Court. Abetment involves a mental process of instigating or intentionally aiding another person to do a particular thing. To bring a charge under Section 306 of the IPC, the act of abetment would require the positive act of instigating or intentionally aiding another person to commit suicide. Without such mens rea on the part of the accused person being apparent from the face of the record, a charge under the aforesaid Section cannot be sustained. Abetment also requires an active act, direct or indirect, on the part of the accused person which left the deceased with no other option but to commit suicide."*

(૩૨) આમ, ઉપરોકત કાયદાકીય સ્થીતી ધ્યાને લઈ હાલના કેસની હકીકતો તથા પુરાવો જોવામાં આવે તો હાલના કામે મરનજનાર અને આરોપીના લગ્ન બનાવના ૩ વર્ષ અગાઉ થયેલ હતા અને તેમની વચ્ચે લગ્ન અગાઉ પ્રેમ સબંધ હતા અને ત્યારબાદ પરિવારજનોએ લગ્ન કરાવી આપેલ. સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતા મરણજનારના પત્ની પિયર જતા રહેલ હોય તે બાબતની તકરાર હતી પરંતુ સદર કામે મરણજનારના પત્નીને તપાસવામાં આવેલ નથી. તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૩એ મુજબનું જે અનુમાન છે તે હાલના કેસમાં લાગુ પાડી શકાય નહી કારણ કે તે અનુમાન પરણિત સ્ત્રી ધ્વારા લગ્નજીવનના ૭ વર્ષ માં આપઘાત કરેલ હોય તેવા કીસ્સામાંજ લાગુ પડે છે જયારે હાલના કેસમાં આપઘાત કરનાર પરણિત પુરૂષ છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ આરોપીઓએ મરણજનારને શારિરીક, માનસિક ત્રાસ આપી કૃરતાનો ભોગ બનાવેલ હોય કે આરોપીઓના આવા અસહ્ય ત્રાસના કારણે સહન નહિ થતા અન્ય કોઈ વિકલ્પ નહિ રહેતા મરણજનરે આપઘાત કરવો પડે તેવા સંજોગો ઉભા કરી કોઈ દુષ્પ્રેરણા કરેલ હોય તેવુ માનવા માટે રેકર્ડ ઉપર લેશમાત્ર પુરાવો નથી. અગાઉ ચર્ચા કર્યા મુજબ મરણજનારના કુટુંબીજનોના પુરાવાથી મરણજનારને હાલના આરોપીઓ દ્બારા શારિરીક, માનસિક ત્રાસ આપવામાં આવતો હોય તેવો કોઈ શંકારહીત પુરાવો રેકર્ડ પર નથી. મરણજનારે આ કામના આરોપીઓના

શારિરિક અને માનસિક દુઃખત્રાસના કારણે કંટાળી જઇને અન્ય કોઇ વિકલ્પ નહિ રહેતા આપઘાત કરવાના હેતુથી આપઘાત કરેલ હોય અને તે રીતે મરણજનારને મરવા માટે મજબુર કરવા આરોપીઓએ કોઇ દુષ્પ્રેરણ કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરી શકેલ નથી.

**(૩૩)** સદર કામે આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ ૫૦૬(૨) મુજબનું તહોમત મુકવામાં આવેલ છે પરંતુ તે બાબતે ફરીયાદી અને સાહેદ નં.૪ ની જુબાની જોતા આરોપી નં. ૩ અને ૪ નાએ તેવી ધમકી આપેલ હોવાની બાબત જણાવેલ છે પરંતુ તે હકીકતને સ્યુસાઇડ નોટથી કોઇ સમર્થન મળતુ નથી. વધુમાં મરણજનાર ગુસ્સાવાળા સ્વભાવના હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ છે તેમજ બનાવના અરસામાં તેમના પત્ની પિયર જતા રહેલ હોય તે બાબતે તકરાર હોવાનું પણ જણાય છે અને સદર કામે મરણજનારના પત્નીને તપાસવામાં આવેલ ન હોય જેથી સદર આરોપીઓએ મરણજનારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની બાબત પણ શંકારહીત પુરવાર માની શકાય નહી.

**(૩૪)** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા અનુસાર, ફરીયાદપક્ષ નિઃશંક, વિશ્વસનીય અને સબળ પુરાવા આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત પુરવાર કરી શકેલ નથી તેમ જણાય છે. ફરીયાદપક્ષ દ્વારા રેકર્ડ પર રજુ રાખવામાં આવેલ તમામ પુરાવાઓ, કેસની હકીકતો, સંજોગો વિગેરે ધ્યાને લેતા ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આરોપીઓને સદરહુ ગુન્હામાં સાંકળી શકાય તેવી હકિકતોનુ નિઃશંક સાબિતી માટે પર્યાપ્ત અને સબળ પુરાવા હોય તેમ જણાતુ નથી. તેમજ આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હા સબબની જોગવાઇઓમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફલીત થતા હોય તેવી હકિકતો નિઃશંકપણે પુરવાર કરેલ નથી તેમ જણાય છે. આરોપીઓ સામે સદરહુ ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરતો અને સબળ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી ત્યારે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓના આધારે આરોપીઓ આક્ષેપિત સદરહુ ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવાને પાત્ર બનતા નથી. આમ, આ કામના આરોપીઓએ તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬,

૫૦૬(૨) ૧૧૪ મુજબ જવાબદારી ઠરાવી શકાય નહિ તેવુ અત્રેની અદાલત ને નમ્રપણે માનવુ છે.

**(૩૫)** આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ઉપરોત ઉપસ્થિત મુદા નં.૨ નો નિર્ણય "નકારમાં" ઠરાવી મુદા નં.૩ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છુ.

**// હુકમ //**

**(૧)** આ કામના આરોપી નં.**(૧) મધુબેન વા/ઓ જીવરાજભાઇ બાબરીયા,** ઉ.વ.૫૬, ધંધો-ઘરકામ તથા **(૨) શીતલબેન ઉર્ફે નીતાબેન વા/ઓ હર્ષદભાઇ બાબરીયા,** ઉ.વ.૨૩, ધંધો-ઘરકામ, **બંને રહે.** દ્વારકેશ નગર, ચીતલ રોડ, અમરેલી (હાલ-ભગવતપરા, વી.કે.નગર, ગોંડલ.), **(૪) હર્ષદભાઇ જીવરાજ--ભાઇ બાબરીયા,** ઉ.વ.૨૪, ધંધો-નોકરી, રહે. દ્વારકેશ નગર, શેરી નં.૧, ચીતલ રોડ, અમરેલી (હાલ- વી.કે.નગર, વાછરા રોડ, ગોંડલ.) નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(..) અન્વયે તેમની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપી નં. ૩ રવિભાઇ હરેશભાઇ બાબરીયા નાઓ કેસની કાર્યવાહી દરમ્યાન અવસાન પામેલ હોય તેમની સામેનો કેસ તા. ૨૯/૫/૨૦૨૩ ના હુકમથી એબેટ થયેલ છે.

**(૩)** આ કામના આરોપીઓ જામીન મુક્ત હોય તો તેઓના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** જો આરોપીઓ વિરૂદ્ધના ગુન્હાના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આ કામના આરોપીઓએ સી.આર. પી.સી. કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૨૫૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા જાતમુચરકા રજુ કરવા જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૪) આ ગુનાના કામે તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ સ્યુસાઇડ નોટ, તેમજ મરણજનારના કુદરતી લખાણ ધરાવતી નોટબુક અને ફોર્મ રેકર્ડ ઉપર લઈ આંક આપવામાં આવેલ હોય તેને રેકર્ડ સાથે રાખવી તથા અન્ય નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુર્ણ થયેથી અથવા જો અપીલ થાય તો નામદાર અપીલ કોર્ટના હુકમ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–**૨૦ મી,** માહે–**જાન્યુઆરી,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૦૧/૨૦૨૬

સ્થળ : ગોંડલ.

**(મુસ્તાક અહેમદ ભટ્ટી)**
એડીશ્નલ સેશન્સ જજ, ગોંડલ.
**UIC No.GJ01506**

H.P.BHATT
(GUJ.STENO.)